RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 264* Date: 22.07.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતમાં ૩૦૦ યુનિટ વીજળી મફત આપીશું

## દિલ્હી-પંજાબમાં ફ્રી વીજળી આપી શકાય તો ગુજરાતમાં કેમ નહીં?

સુરત,તા.૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ સુરતની મુલાકાતે આવ્યા છે. સુરત અને તાપી જિલ્લામાં વિધાનસભાના ચૂંટણી દરમિયાન પોતાનું સંગઠન મજબૂત બને એવા પ્રયાસો કરી રહ્યા છે. ગુજરાતમાં ચાલતા આમ આદમી પાર્ટીના વીજળી મોંઘીના અભિયાન બાદ આજે સુરતમાં અરવિંદ કેજરીવાલ પ્રથમ ગેરંટી સાથે દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતમાં પણ મફત વીજળી આપવાની જાહેરાત કરી છે. કેજરીવાલે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની જનતાને ૩૦૦ યુનિટની વીજળી મફત આપશે. સરકાર બનવાના ત્રણ મહિના બાદ તરત જ અમલમાં મુકાશે.

કેજરીવાલે જણાવ્યું હતું કે જે રીતે અમે દિલ્હી અને પંજાબમાં વીજળી મફત આપી રહ્યા છે એવી જ રીતે ગુજરાતમાં પણ આપીશું. આ અમારી ગુજરાતને પહેલી ગેરંટી છે. સરકાર બનવાના ત્રણ મહિના બાદ તરત જ અમલમાં મુકાશે. અમારી બીજી એ ગેરંટી છે કે ૨૪ કલાક વીજળી મળશે. ગુજરાતમાં જ્યાં વીજળીકાપ છે ત્યાં પણ ૨૪ કલાક વીજળી આપવામાં આવશે.

કેજરીવાલે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં પહેલીવાર આ પ્રકારે ૨૪ કલાક વીજળી આપવી અને એ પણ ફ્રીમાં આપવી આ માત્ર કુદરતે મને જ શીખવ્યું છે. આ કોઈને આવડતું નથી, કોઈ રાષ્ટ્રીય પક્ષને પણ નથી આવડતું, પરંતુ આ મને આવડે છે. અમારી સરકારે દિલ્હી અને પંજાબમાં કરી બતાવ્યું છે. અમે પ્રામાણિક સરકાર છે અને અમે માત્ર સાચી વાત કહીએ છીએ. અમે રાજકારણ કરવા આવ્યા નથી. જ્યારે કોઈ વીજળીનો ખૂબ મોટું બિલ આવી જાય છે એ ખોટું બિલ મોકલી આપતા હોય છે અને એ




વીજ બિલને ઓછું કરવા માટે સરકારી અધિકારીઓ મોટી લાંચ માગતા હોય છે. ૩૧ ડિસેમ્બર પહેલાંનાં તમામ ડોમેસ્ટિક બિલ જે છે એ અમે માફ કરી દીધાં છે. જૂનાં જેટલાં પણ બિલ હોય છે એ અમે માફ કરી દઈશું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતો માટે વીજળીનું અમે અલગથી વિચારી રહ્યા છે. આ ખૂબ મોટો મુદ્દો છે, એને લઈને આગામી દિવસોમાં ફરીથી હું ગુજરાતમાં આવીશ અને આ મુદ્દે વાત કરીશ. દિલ્હીમાં ભાજપ સરકારના લોકોને મફતમાં વીજળી નહીં જોઈતી હોય એવો લેખિતમાં આપી દે, એટલે ત્યાંથી તેમને વીજળી આપવામાં આવશે નહીં. ખોટો વિરોધ કરીને તેઓ અમારો વિરોધ કરી રહ્યા છે.

તેમણે આગળ જણાવ્યું હતું કે ગુજરાતમાં જે દારૂબંધી છે એને યથાવત્ રાખવામાં આવશે, પરંતુ મજાની વાત એ છે કે એને યોગ્ય રીતે પાલન કરાવવામાં આવશે. ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. આ લોકોએ બૂમાબૂમ કરીને કહ્યું કે ગુજરાતમાં દારૂ વેચાય છે. દારૂબંધી હોવા છતાં પણ ગેરકાયદે રીતે વેચાઈ રહ્યો છે, એના પૈસા કોની પાસે જાય છે?

આ જેને રેવડી કહેવામાં આવી રહ્યું છે ને એ ભગવાનનો પ્રસાદ છે. પ્રસાદમાં મળે છે રેવડી. લોકોને મફતમાં વીજળી મળે, હોસ્પિટલમાં સારી સુવિધા મળે, આ બધો ભગવાનનો પ્રસાદ છે, પરંતુ પોતાના અંગત મિત્રોને રેવડી આપે છે એ પાપ છે. પોતાના મિનિસ્ટરોને જે મફતમાં આપવામાં આવે છે એ રેવડી પાપ છે. ભાજપની સરકાર ગુજરાતની પ્રજાને પેકેટ ફોર ગ્રાન્ટેડ લે છે. આ લોકો આપણા સિવાય બીજા કશે જવાના નથી, એવી તેમની માનસિકતા છે. એમ તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી, પરંતુ આ વખતે તમે બધા હિંમતપૂર્વક આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતમાં લઈ આવો.

કતારગામ વિસ્તારમાં આવેલી અંકુર સ્કૂલની સામે પાટીદાર ભવન ખાતે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ દ્વારા ગુજરાતમાં મફત વીજળી આપવાની જાહેરાત કરી છે. દિલ્હી અને પંજાબમાં જે રીતે લોકોને સસ્તા ભાવે અને મફતમાં વીજળી મળી રહી છે એ રીતે ગુજરાતમાં પણ આમ આદમીની પાર્ટીની સરકાર બને તો લોકોને વીજળી આપવાની જાહેરાત કરી છે.પાટીદાર સમાજની વાડીમાં સુરતના પ્રતિષ્ઠિત આગેવાનો કોર્પોરેટરો અને નેતાઓ સાથે અરવિંદ કેજરીવાલ સંવાદ કર્યો હતો સાથે જ તેમને માર્ગદર્શન આપશે અને ગુજરાત વિધાનસભામાં કઈ રીતે સારી કામગીરી કરે અને બહુમતી આવે તો આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા કેવાં પગલાં લેવામાં આવશે એ અંગેની જાહેરાત કરવામાં આવશે.અરવિંદ કેજરીવાલનાં બેનરો અને હોર્ડિંગ્સ ઉતારવાનું મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયું હતું. શહેરના અલગ અલગ વિસ્તારોમાં અરવિંદ કેજરીવાલના સ્વાગતનાં બેનર લગાડવામાં આવ્યાં હતાં. કેટલીક જગ્યાએ કેજરીવાલની ગેરંટી મફત વીજળીના મુદ્દે લાગેલાં બેનરોને પણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વિશેષ કરીને કતારગામ વિસ્તારમાં જ્યાં વીજળી સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું એની આસપાસનાં સ્થળો પરથી અરવિંદ કેજરીવાલનાં બેનરો દૂર કરાયાં હતાં.અરવિંદ કેજરીવાલને હોટલ ખાતે અલગ અલગ હોદ્દેદારો અને નેતાઓ મળવા આવ્યા હતાં આગામી વિધાનસભાને ધ્યાનમાં રાખીને અરવિંદ કેજરીવાલની સ્ટ્રેટેજીએ પ્રકારની છે કે ઝડપથી જે-તે વિધાનસભા વિસ્તારમાં પોતાના ઉમેદવારોની પસંદગી કરશે, જેથી નક્કી થયેલા ઉમેદવારો પોતાના વિધાનસભામાં ચૂંટણીની તૈયારી કરવા માટે પોતાના વિસ્તારમાં યોગ્ય અને પૂરતો સમય આપી શકે.

## યુપીમાં મંત્રી મંત્રી અને અધિકારી અધિકારી બધા એક બીજાથી ઝઝુમી રહ્યાં છે અને કોઈને જનતાની પડી નથી : સપા પ્રવકતા

લખનૌ,તા.૨૧

ભ્રષ્ટ્રાચારને લઈ ઝીરો ટોલરેસ નીતિ હેઠળ ઉત્તરપ્રદેશની યોગી સરકારે લોક નિર્માણ વિભાગમાં કાર્યવાહી કરતા પાંચ અધિકારીઓને સસ્પેંડ કરી દીધા છે.સરકારની આ કાર્યવાહીથી નારાજ ચાલી રહેલ જળ શક્તિ વિભાગના રાજયમંત્રી દિનેશ ખટીકે રાજીનામુ આપ્યું હોવાની ચર્ચા ચાલી રહી દરમિયાન એવા પણ અહેવાલો છે કે યુપી સરકારમાં મંત્રી જિતિન પ્રસાદ પણ આ કાર્યવાહીથી ખુબ નારાજ ચાલી રહ્યાં છે.રાજય સરકારમાં ચાલી રહેલ આ તનાતની પર સમાજવાદી પાર્ટીના પ્રવકતા અનુરાગ ભદોરિયાએ ટીપ્પણી કરી છે.

તેમણે કહ્યું કે આ સરકારમાં મંત્રી મંત્રી અને અધિકારી અધિકારી બધા એક બીજાથી ઝઝુમી રહ્યાં છે અને કોઈને જનતાની પડી નથી તેમણે એ પણ આરોપ લગાવ્યો કે જનતા બચારી રાહ જોઈ રહી છે કે કયારે ન્યાય મળશે અને આ બધા લુટમારમાં વ્યસ્ત છે.

અનુરાગ ભદૌરિયાએ કહ્યું કે ઉત્તરપ્રદેશમાં કમાલ સરકાર સરકાર જોવા મળી રહી છે.મુખ્યમંત્રી વિરૂધ્ધ મંત્રી,મંત્રી વિરૂધ્ધ મુખ્યમંત્રીની ખેંચતાણ ચાલી રહી છે.

જનતાએ ચુંટીને સરકાર બનાવી છે પરંતુ જનતાની બાબતમાં વિચારવા માટે આ સરકાર પાસે સમય નથી જનતા બેચારી રાહ જોઈ રહી છે કે તેમને કયારે ન્યાય મળશે જનતાનું કોઈ સાંભળનાર નથી મંત્રી મંત્રી,અધિકારી અધિકારી બધા એક બીજાથી ઝઝુમી રહ્યાં છે બધા લુટમારમાં વ્યસ્ત છે.રામભરોસે સરકાર છે.

કહેવાય છે કે દિનેશ ખટીકે પોતાનું રાજીનામુ ગૃહમંત્રી અમિત શાહને મોકલી આપ્યું છે.તેમણે અધિકારીઓ પર મહત્વ ન આપવાનો અને દલિતોનું સમ્માન ન કરવાનો આરોપ લગાવ્યો છે.તેમણે મુખ્યમંત્રી અને રાજભવનને પણ રાજીનામુ મોકલી આપ્યું છે.બીજીબાજુ પીડબ્લ્યુડી વિભાગમાં થયેલી કાર્યવાહીથી જિતિન પ્રસાદ નારાજ છે તે બેઠકમાં સામેલ થયા અને બેઠક બાદ ત્યાંથી નિકળી ગયા હતાં એ યાદ રહે કે પીડબ્લ્યુડી વિભાગમાં જે પાંચ અધિકારીઓને સસ્પેંડ કરવામાં આવ્યા છે તેમાં પીડબ્લ્યુડીના હેડ અને ચીફ એન્જીનિયર મનોજ ગુપ્તા પણ સામેલ છે.

## ચંડીગઢમાં નવી વિધાનસભાને લઇ પંજાબ અને હરિયાણા આમને સામને આવી ગયા

### ગૃહમંત્રી અમિત શાહે હરિયાણા સરકારની માંગ માનતા ચંડીગઢમાં નવી વિધાનસભા બનાવવા માટે જમીન ઉપલબ્ધ કરાવવાની વાત કહી છે.

જયપુર,તા.૨૧

જયપુરમાં ઉતરી ક્ષેત્રીય પરિષદ(એનજેડસી)ની બેઠકના કેટલાક કલાકો બાદ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કેન્દ્રથી અલગ પંજાબ વિધાનસભા માટે ચંડીગઢમાં જમીનના એક ટુકડાની માંગ કરી વિવાદ ઉભો કરી દીધો છે.તેમની માંગ ત્યારે આવી જયારે હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરની ચંડીગઢમાં અલગ રાજય વિધાનસભા બનવવાની આ રીતની માંગને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લીલીઝંડી બતાવી દીધી આ દરમિયાન પંજાબના આરોગ્ય મંત્રી ચેતન સિંહ જૌડામાજરાએ ચેતવણી આપી કે હરિયાણા સરકારને ચંડીગઢમાં વિધાનસભાની ઈમારત બનાવવા દેવામાં આવશે નહીં તેમણે કહ્યું કે હરિયાણા ઈચ્છે તો પંચકુલા,ફરીદાબાદ અથવા કુરૂક્ષેત્રમાં વિધાનસભા ભવન બનાવી લે.

તેમણે કહ્યું કે ચંડીગઢ પંજાબનું છે અને પંજાબનું જ રહેશે હરિયાણા પણ પંજાબથી ગયું છે ચંડીગઢ પહેલાથી પંજાબનું છે.વિધાનસભા ભવન પણ પંજાબની છે તે ભાઈચારા તરીકે હરિયાણાને આપી દીધી છે બીજી તરફ માને ટ્વીટ કરી કહ્યું કે પંજાબની વિધાનસભા માટે પણ ચંડીગઢમાં જમીન આપવી જોઈએ તેમણે કહ્યું કે પંજાબ માટે અલગ હાઈકોર્ટની આ રીતની માંગ લાંબા સમયથી લંબિત છે પંજાબ ૧૯૬૬માં રાજયની પુર્નરચના બાદથી ચંડીગઢ પર દાવો રજુ કરી રહ્યું છે.

પંજાબ પુર્નરચના અધિનિયમ ૧૯૬૬એ અવિભાજીત પંજાબથી હરિયાણા રાજયને અલગ કરી દીધુ હતું કેન્દ્રના સીધા નિયંત્રણમાં ચંડીગઢનું નવું કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવાયું અને પંજાબના પહાડી ક્ષેત્રોને હિમાચલ પ્રદેશમાં સ્થાનાંતરિત કરી દેવામાં આવ્યા.પંજાબનની રાજધાનીના રૂપમાં ચંડીગઢની ઓળખ કરવામાં આવવી પંજાબ અને હરિયાણા બંન્નેની સામાન્ય રાજધાની બની ગઈ અને સંપત્તિઓને ૬૦.૪૦ના અનુપાતમાં રાજયો વચ્ચે વિભાજીત કરવામાં આવી

આ ડિવીઝનના એક ભાગના રૂપમાં અસંગઠિત પંજાબની વિધાનસભાના એક હિસ્સાના રૂપમાં નાગરિક સચિવાલયને પણ પંજાબ અને હરિયાણાની વચ્ચે વિભાજીત કરવામાં આવ્યું જો કે પંજાબ ચંડીગઢ પર દાવો કરી રહ્યું છે અને માંગ કરી રહ્યું છે કે હરિયાણા માટે એક વધુ રાજધાની બનાવવામાં આવે આ સ્વચાલિત રૂપથી પોતાની સંપત્તિઓ પર પણ દાવો કરે છે.માનના નિવેદને તે દાવાને નબળો કરવાના રૂપમાં જોવામાં આવી રહ્યું છે કારણ કે વિરોક્ષ માનને નિવેદન પાછું લેવાનું કહી રહ્યાં છે.

પીપીસીસી પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગે ચંડીગઢમાં હરિયાણા વિધાનસભાના નિર્માણ માટે જમીન ઉપલબ્ધ કરાવવાના કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પગલાનો વિરોધ કરી રહ્યાં છે તેમણે આ પગલાનું સમર્થન કરવા માટે પંજાબ સરકારની પણ ટીકા કરી છે. વારિંગે કહ્યું કે ચંડીગઢ વિશેષ રીતે પંજાબનું હતું અને આ તેની રાજધાની છે તેમણે કહ્યું કે પંજાબની રાજધાનીમાં હરિયાણા વિધાનસભા માટે જમીન ઉપલબ્ધ કરાવવાનો કોઈ અર્થ નથી.

## વરસાદે પહાડો પર તબાહી મચાવી, જમ્મુ-કાશ્મીરથી ઉત્તરાખંડ સુધી જનજીવન અસ્તવ્યસ્ત

નવીદિલ્હી,તા.૨૧

પર્વતો પર વરસાદ આફત તરીકે તૂટી ગયો છે. જમ્મુ-કાશ્મીરથી લઈને ઉત્તરાખંડ સુધી હોબાળો છે. જ્યારે બારામુલ્લામાં વાદળ ફાટવાને કારણે તબાહી સર્જાઈ હતી, તો જોશીમઠમાં પૂરમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.બારામુલ્લાના હમામ માર્કૂટ ગામમાં વાદળ ફાટ્યા બાદ અચાનક પાણી ભરાઈ જવાને કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ રસ્તામાં અટવાઈ પડ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે પ્રવાસીઓની સાથે જંગલમાં કામ કરવા ગયેલા લોકો પણ ફસાયા હતા.રાહતની વાત એ હતી કે પૂરને પાર કરવાનું જોખમ કોઈએ લીધું ન હતું અને દરેકનો જીવ બચી ગયો હતો. જો કે પાણીના જોરદાર પ્રવાહને કારણે પાક અને વૃક્ષોને ઘણું નુકસાન થયું છે. આ સાથે ડોડા જિલ્લાના કહારા વિસ્તારમાં ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

જમ્મુ-કાશ્મીરની જેમ ઉત્તરાખંડમાં પણ વરસાદ આફતની જેમ તૂટી પડ્યો છે. બુધવારે ભારે વરસાદને કારણે જોશીમઠમાં વેલી ઓફ ફ્લાવર્સમાં એક પુલ તૂટી ગયો હતો. જેના કારણે ૧૪૦ જેટલા પ્રવાસીઓ રસ્તામાં અટવાયા હતા. લોકો ફસાયા હોવાના સમાચાર મળતા જ વહીવટીતંત્ર એક્શનમાં આવી ગયું અને બચાવ કામગીરી શરૂ કરી દીધી. ઘણી મહેનત બાદ આખરે તમામ પ્રવાસીઓને એક પછી એક બચાવી લેવામાં આવ્યા હતા. રાજયમાં ઘણી જગ્યાએ અવિરત વરસાદને કારણે ભૂસ્ખલન થયું, જેના કારણે ટ્રાફિક માટે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા અને સામાન્ય જનજીવન પ્રભાવિત થયું.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં, બુધવારે, નિર્માણાધીન પુલનું શટર પલટી જતાં ત્યાં કામ કરતા બે મજૂરોના મોત થયા હતા, જયારે ઘાયલ હાલતમાં બહાર કાઢવામાં આવેલા છ મજૂરોને રૂદ્રપ્રયાગ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વડાપ્રધાનની વજન ઓછી કરવાની સલાહ પર તેજસ્વીએ અમલ શરૂ કર્યો

પટણા,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ જુલાઈએ બિહારના પ્રવાસે હતાં અને તેમણે બિહાર વિધાનસભાના શતાબ્દી વર્ષ કાર્યક્રમમાં ભાગ લીધો હતો આ દરમિયાન મંચ પર વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ પણ હાજર હતાં જયારે વડાપ્રધાન મોદીએ તેજસ્વી યાદવની ખબર અંતર પુછી અને તેજસ્વીને વજન ઓછું કરવાની સલાહ આપી હતી હવે એવું લાગે છે કે યાદવે વડાપ્રધાન મોદીની સલાહને ગંભીરતાથી લીધી છે અને તેના પર કામ પણ શરૂ કરી દીધું છે.

તેજસ્વી યાદવે પોતાના સાથીઓની સાથે ક્રિકેટ રમતા નજરે પડયા તેમણે તેની વીડિયો પણ ટ્વિટર પર શેર કરી છે અને વીડિયોમાં તે બેટીંગ કરતા નજરે પડી રહ્યાં છે તેજસ્વી યાદવે ક્રિકેટ રમતી વીડિયો પણ શેર કરી અને ટ્વીટ કરી લખ્યું જીંદગી હોય કે ખેલ,જીતવા માટે હંમેશા રમવું જોઈએ જેટલી વધુ તમે આગળની યોજના બનાવો છે તેટલું જ તમે મેદાનમાં પ્રદર્શન કરી શકો છે.એક સમય બાદ બેટ અને બોલ પર હાથમાં અજમાવવાની મજા આવે છે આ ત્યારે વધુ સંતોષજનક થઈ જાય છે જયારે ડ્રાઈવર,રસોઈયો સ્વીપર માળી અને દેખભાળ કરનારા તમારા સાથી હોય અને તેમને હિટ અને બોલ આઉટ કરવા માટે ઉત્સુક હોય.

તેજસ્વી લાલુ પ્રસાદના નાના પુત્ર છે અને બિહારના નાયબ મુખ્યમંત્રી પણ રહી ચુકયા છે.તેજસ્વી યાદવ પહેલા ક્રિકેટર પણ રહી ચુકયા છે અને આઈપીએલનો હિસ્સો પણ રહી ચુકયા છે.

## સરકાર જનહિતવાળા પગલા ઉઠાવે જનતાની કમર તોડનારા પગલા નહીં : ભાજપ સાંસદ

નવીદિલ્હી,તા.૨૧

ભાજપ નેતા અને યુપીના પીલીભીતથી સાંસદ વરૂણ ગાંધી પોતાની જ પાર્ટીની વિરૂધ્ધ વિરોધ પક્ષના નેતાની જેમ સતત અવાજ ઉઠાવી રહ્યાં છે તેમણે ટ્વીટ કરી દુધ,લોટ,દાળ જેવી ખાદ્ય વસ્તુઓ પર જીએસટી લગાવવા અને મોંધવારીને લઈ જોરદાર પ્રહારો કર્યા છે અને કહ્યું છે કે સરકાર જનહિત વાળા પગલા ઉઠાવે જનતાની કમર તોડનારા પગલા નહીં તેનાથી જનતા પરેશાન છે.

તેમણે પોતાના ટ્વીટમાં લખ્યું કે દુધ લોટ ચોખા જેવી વસ્તુઓ પર જીએસટી લાગુ થઈ ચુકી છે.

શરાબ પેટ્રોલ અને ડીઝલ વગેરે પર નહીં. જો આ ટેકસ પ્રણાલીનો તમામ બોજો સામાન્ય જનતા જ વહન કરશે તો તેના લાવવાનો મૂળ હેતુ જ પાછળ રહી જશે.કેન્દ્ર અને રાજય સરકારોએ મળી જીએસટીનું એક જનહિતકારી સ્વરૂપ તૈયાર કરવું પડશે

વરૂણ ગાંધીના વલણ અને શબ્દ બિલકુલ વિરોધ પક્ષ જેવા છે અને તે વિરોધ પક્ષના નેતાની જેમ સરકારને પડકાર આપી રહ્યાં છે.

ગાંધીનું આ વલણ પહેલીવાર રહ્યું નથી તે દરેક મુદ્દા પર પોતાનો મત સતત આપતા રહે છે આ પહેલા સેનાની અગ્નિપથ યોજના પર પણ તે સરકારની વિરૂધ્ધ ગુસ્સો જાહેર કરી ચુકયા હતાં.સેના ભરતમાં જાતિ અને ધર્મની માહિતી માંગવા પર પણ સવાલ ઉઠાવ્યા હતાં.

દુધ લોટ દાળ જેવી ખાદ્ય વસ્તુઓ પર જીએસટી લગાવવા માટે કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો ધરણા પ્રદર્શન કરી રહ્યાં છે.આજ કારણે ચોમાસા સત્રમાં સંસદની કાર્યવાહી યોગ્ય રીતે ચાલી રહી નથી

જો કે નાણાંમંત્રીએ એક બાદ એક ટ્વીટ કરતા સ્પષ્ટ કર્યું કે દાળ ધઉ રાઈ ખોટા બેસન દહી લસ્સી જયારે ખુલ્લામાં અને કોઈ પ્રી પૈક કે પ્રી લેબર વેચવામાં આવશે તો કોઈ જીએસટી લાગુ થશે નહીં એટલે કે જો તમે ખુલ્લામાં સામગ્રી ખરીદશો તો તમારે ટેકસ આપવો પડશે નહીં નિર્મલા સીતારમણે કુલ ૧૪ ટ્વીટ કરી જીએસટીને લઈ પેદા થયેલ ભ્રમને દુર કરવાનો પ્રયાસ કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ખાણ માફિયા બેફામ



ગેરકાયદે ખાણકામમાં સંડોવાયેલા માફિયા તત્ત્વોનું દુ:સાહસ કઈ હદે વધી ગયું છે, તેનું તાજું પ્રમાણ છે હરિયાણાના નૂંહમાં ડીએસપી સુરેન્દ્ર સિંહની ડમ્પર તળે કચડીને કરાયેલી હત્યા. કાયદાના શાસનને ખુલ્લો પડકાર આપનારી આ ઘટનાની ભર્ત્સના કરવી અને અપરાધીઓ વિરુદ્ધ કઠોરતમ કાર્યવાહી કરવાનું વચન આપી દેવું પૂરતું નથી. જરૂરિયાત એની છે કે ખાણ માફિયાના દુસ્સાહસનું દમન કરવાની સાથે એ કારણોના મૂળ સુધી પણ જવામાં આવે, જેને કારણે કેટલાય પ્રતિબંધો છતાં ગેરકાયદે ખાણકામ થતું રહે છે. આ સમસ્યા ફક્ત હરિયાણા સુધી જ સીમિત નથી. દેશમાં કદાચ જ કોઈ રાજ્ય હોય, જ્યાં ગેરકાયદે ખાણકામ નહીં થતું હોય. સ્થિતિ એ છે કે દેશની રાજધાનીમાં અરવલ્લીની કેટલીય પહાડીઓ ગેરકાયદે ખાણકામને કારણે લુપ્ત થતી જાય છે. એવું ત્યારે છે જ્યારે આ પહાડીઓ દિલ્હી-એનસીઆરના પર્યાવરણ માટે બહુ જ મહત્ત્વપૂર્ણ છે. જેમ અરવલ્લીની પહાડીઓ ગેરકાયદે ખાણકામની ચપેટમાં છે, એવી જ રીતે દેશની કેટલીય અન્ય પહાડીઓ પણ. તેની સાથે જ નદીઓ પણ મોટા પાયે ગેરકાયદે ખાણકામની શિકાર છે. ગેરકાયદે ખાણકામમાં સંડોવાયેલાં તત્ત્વો માફિયા બની ગયા છે, એટલા માટે કે સામાન્ય રીતે તેમને નેતાઓ અને અધિકારીઓનું સંરક્ષણ મળે છે. આ જ સંરક્ષણને કારણે તેમનું દુસ્સાહસ વધે છે.

દેશના વિભિન્ન હિસ્સામાંથી એવા સમાચારો આવતા જ રહે છે કે ખાણ માફિયાના ગુંડાઓએ પોલીસકર્મીઓ કે પછી અન્ય અધિકારીઓને ધમકાવ્યા કે તેમના પર હુમલો કર્યો. માટી, રેતી વગેરેનું ગેરકાયદે ખાણકામ એટલા માટે બેફામ થતું રહે છે, કારણ કે એક તો ખાણકામ સંબંધી નિયમ-કાયદાના પાલનની કોઈ ઠોસ વ્યવસ્થા નથી અને બીજું, માંગ અને પૂરવઠામાં અંતર દૂર કરવાની કોઈ સુવિચારિત નીતિ નથી. એક એવા સમયે જ્યારે દેશમાં દરેક પ્રકારના નિર્માણ કાર્યો તેજીમાં છે, ત્યારે રાજ્ય સરકારો સાથે કેન્દ્ર સરકારે પણ તેની ચિંતા કરવી પડશે કે આખરે નિર્માણ કાર્યોમાં વપરાતી સામગ્રી ક્યાંથી આવશે? એમાં શંકા છે કે આ વિશે કદાચ જ ક્યારેક વિચાર કરવામાં આવ્યો હશે. મોટાભાગે બધું જ નિર્માણ કાર્યો કરનારી કંપનીઓ અથવા કોન્ટ્રાક્ટરો પર છોડી દેવામાં આવે છે, તેથી તેઓ મનમાની કરતા રહે છે. આ મનમાની પર ત્યાં સુધી રોક નહીં લગાવી શકાય, જ્યાં સુધી માંગ અને પૂરવઠા વચ્ચે વધતા અંતરને ઓછું કરવાની કોશિશ નહીં કરવામાં આવે. કાં તો એ અંતરને ઓછું કરવાના ઉપાયો કરવામાં આવે કે પછી નિર્માણ કાર્યોમાં વપરાતી સામગ્રી માટે નવા વિકલ્પ શોધવામાં આવે. નિ:સંદેહ ખાણકામ પર સંપૂર્ણ રોક લગાવવી સંભવ નથી, પરંતુ એવા ઉપાય તો કરી જ શકાય કે તે ના તો પર્યાવરણ માટે ખતરો બની જાય અને ના માફિયા તત્ત્વોની મનમાનીનું માધ્યમ.

# સર્વ મુમુક્ષુને માર્ગદર્શન આપતો અદભૂત ગ્રંથ સંપૂર્ણ અવતાર વાણી-૩

જેવી રીતે ફુલ પોતાના નિકટવર્તી કાંટાઓની પરવાહ કરતું નથી તેવી જ રીતે પ્રભુના ભક્ત પણ દુનિયાની ચિન્તા કરતા નથી.ભક્તોની વાણી ક્યારેય વ્યર્થ અને આચરણહીન હોતી નથી.સંસારમાં તે જલકમલવત્ રહે છે.જેવી રીતે ચંદન વાંસોમાં રહેવા છતાં પોતાની સુગંધ છોડતું નથી તેવી જ રીતે ભક્તો દુનિયામાં રહેવા છતાં હરિનામને છોડતા નથી.શ્વાસે શ્વાસે પ્રભુ સુમિરણ અને ધ્યાન કરતા રહે છે.જેમ જલમુર્ગી પાણીમાં રહેવા છતાં પાણીમાં લિપ્ત થતી નથી તેવી જ રીતે તમામને ભ્રાંત કરનારી માયા ભક્તોને ભ્રમિત કરતી નથી.

પરબ્રહ્મ પરમાત્મા સૃષ્ટિના કણ કણમાં વ્યાપ્ત હોવા છતાં સંપૂર્ણ દ્રશ્યમાન જગતથી ન્યારા છે. તમામ દ્રશ્યમાન સૃષ્ટિ માયા છે જે પરીવર્તનશીલ છે,સમાપ્ત થનાર છે.આ પાંચ ભૌતિક સૃષ્ટિના સમાપ્ત થતાં પણ જેનો નાશ થતો નથી તે નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા છે.પરમાત્મા નિરાકાર હોવા છતાં અનુભુતિગમ્ય છે,જાણવા યોગ્ય છે.

ઈશ્વર હંમેશાં ધર્મની રક્ષા કરે છે.સંસારના મનુષ્ય જ્યારે ભૂલી જાય છે કે હું કોન છું? ક્યાંથી આવ્યો છું? આ શરીર છોડ્યા પછી મારે ક્યાં જવું છે? અમારૂં મૂળ એક જ છે,અમો એક જ પરમપિતા પરમાત્માના સંતાન છીએ તથા વૈર વિરોધ અને ઈર્ષ્યા વધી જાય છે ત્યારે પ્રેમ નમ્રતા અને સમદ્દષ્ટિનો સંદેશો આપવા માટે બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષ ધરતી પર અવતરીત થઇને મનુષ્યને ઈશ્વરનાં દર્શન કરાવીને તમામ ભ્રાંતિઓ અને સંશયો દૂર કરે છે.

ગુરૂદેવ નિરંકારી બાબા હંમેશાં રૂઢિવાદી અને સમાજની ખોટી પરંપરાઓને ખત્મ કરવાની કોશિષ કરતા હતા.તેઓ ચમત્કાર કે રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરવાના વિરોધી હતા કારણ કે તેનાથી મનુષ્યનો અહંકાર વધી જાય છે એટલા માટે મનુષ્યએ ફક્ત નિષ્કામ કર્મ કરવાં જોઈએ.સેવા,સુમિરણ અને સત્સંગ કરવાં જોઇએ,કોઇ વિશેષતા પોતાની અંદર લાવવાની ક્યારેય કોશિષ ના કરવી.

આ નિરાકાર (બ્રહ્મ) જ હંમેશાં રહેવાવાળા છે.મારા મનને સદગુરૂ એ એક જ વાત સમજાવી છે કે સમગ્ર સૃષ્ટિનો માલિક એક પ્રભુ પરમાત્મા છે. ત્યારબાદ મારી તમામ શંકાઓ સમાપ્ત થઇ ગઇ છે.ગુરૂજ્ઞાન પછી હવે હું આ એકની જ પૂજા અને સુમિરણ કરૂં છું.સદગુરૂએ મને સત્ય (પરમાત્મા)નાં દર્શન કરાવ્યાં છે અને કહ્યું છે કે આ પ્રભુ પરમાત્મા સિવાય જે દશ્યમાન(માયા) છે તે બધું અહી જ રહી જવાનું છે. સત્યલોકમાં તો ફક્ત જીવાત્મા જ પરમાત્માની નાવ બેસીને જાય છે.એક જ પ્રભુ પરમાત્મા જે તમામ જગ્યાએ વિદ્યમાન છે તેનું સ્મરણ કરવું જોઈએ.તમામ ધાર્મિક ગ્રંથોમાં ફક્ત સર્વવ્યાપી અવિનાશી અવ્યય અડોલ સનાતન પ્રભુની જ ચર્ચાઓ છે અને તેમને જ સત કહેવામાં આવે છે.અવિનાશી તો તેને જ જાણો કે જે જડ ચેતનમાં વ્યાપ્ત છે.આ અવિનાશીનો વિનાશ કરવામાં કોઇ સમર્થ નથી.

અજ્ઞાની વ્યક્તિ તન મન ધનને પોતાનું સમજીને કર્મ કરે છે અને તત્વજ્ઞાની ગુરૂમુખ વ્યક્તિ આ તન મન ધન શ્રી ભગવાનની સંપત્તિ છે તેમ સમજીને તેને ભગવત્સેવામાં જ પ્રયોગ કરે છે.મનુષ્યોએ આ સંસારમાં મોક્ષની પ્રાપ્તિ કરવા માટે ધર્મ અર્થ અને કામ સબંધી જેટલાં પણ શાસ્ત્રવિહિત કર્મ છે તે તમામ કર્મોને આસક્તિ રહિત થઇ કરવાં જોઇએ કારણ કે આ જગત ઈશ્વરની અભિવ્યક્તિ છે.સંસારમાં જે કંઇ દશ્યમાન છે તે પરબ્રહ્મથી સબંધિત છે.બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષોનું ખાવું પીવું રહેવું માયામાં જ થાય છે પરંતુ અંત:કરણથી તે પ્રભુની સાથે જોડાયેલા હોય છે.આમ બ્રહ્માર્પણ કરેલ કર્મ મનુષ્યને બાંધતાં નથી.

આત્માના સ્વરૂપ વિશે કહ્યું છે કે..આ સર્વત્ર વ્યાપક બ્રહ્મ તમામ સૃષ્ટિનો માલિક છે તથા તેના ઉપર શસ્ત્ર વાયુ પાણી કે અગ્નિનો કોઇ પ્રભાવ પડતો નથી.મનુષ્યમાંનો આત્મા પણ પરમાત્માનો જ અંશ છે. આ આત્મા પણ નિત્ય નિર્ગુણ નિરાકાર અવ્યક્ત પરમાત્માનો જ શાશ્વત અંશ છે.જયારે શરીર અનિત્ય આકારવાળું અને વિકારી છે.

માનવશરીર પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ..આ પાંચ તત્વોથી બનેલું પૂતળું છે,તે બ્રહ્મ નથી પરંતુ જે આ શરીરમાં બોલે છે તે બ્રહ્મ છે.તે માયાવી દેહના પડદા પાછળ રહીને નચાવી રહ્યા છે. સ્વયંમ આ શરીરમાં બેસીને અશરીરી (નિરાકાર પ્રભુ પરમાત્મા)નાં દર્શનનું દ્વાર ખોલે છે એટલે કે અસત્ય શરીરમાં પ્રગટ થઇને સત્ય બ્રહ્મનું જ્ઞાન કરાવે છે.સત્યની શોધમાં માનવ અસત્ય માયામાં ભટકતો રહે છે અને માયાના પડદા પાછળ રહેલા આ સર્વવ્યાપી બ્રહ્મનાં દર્શન કરી શકતો નથી.પૂર્ણ સદગુરૂ જ આ આવરણ દૂર કરી શકે છે.

સાંસારીક દ્રષ્ટ્રિથી નાનામાં નાનો વ્યક્તિ પણ જે ભક્ત છે તો પ્રભુને પ્રાણ પ્રિય બની તમામ સુખોનો ભાગીદાર બને છે.તમામને ભ્રમિત કરવાવાળી માયા ભક્તોને ભ્રમિત,લિપ્ત કરી શકતી નથી.સંતોનાં વચન માયાસક્ત લોકોની જેમ આચરણહીન હોતાં નથી.સંત પણ માયામાં જ રહે છે.તેમનું ખાવું-પીવું અને પોષણ પણ માયાથી જ થાય છે પરંતુ તે માયા સાથે નહી પરંતુ માયાપતિ પ્રભુ સાથે પ્રેમ કરે છે.માયાનો અંધકાર બ્રહ્મજ્ઞાનના પ્રકાશને પ્રભાવિત કરી શકતો નથી.

માનવ શરીર મળ્યા છતાં પણ પ્રભુ દર્શન ન કરવા, જીભથી હરિના ગુણગાન ન કરવા, અહંકારનો ત્યાગ ન કરવો, સંતોના ચરણમાં નમસ્કાર ન કરવા અને સંતોના માધ્યમથી સદગુરૂ સુધી પહોચી શ્રધ્ધા વિનમ્રતાપૂર્વક આત્મજ્ઞાનના માટે પ્રશ્ન ન કરવો, દશમું દ્વારા(નિરાકાર બ્રહ્મ)નું જ્ઞાન પ્રાપ્ત ન કરવું અને તેને પ્રાપ્ત કરીને પોતાના મનથી તેનું ચિન્તન ન કરવું તથા બ્રહ્મભાવથી ગુરૂનું ધ્યાન ન કરવું.. એ સંસારના સૌથી મોટા પાપ છે અને સૌથી મોટું પુણ્ય એ છે કે માનવ પોતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને અન્ય જીવોનું પણ કલ્યાણ કરે. બ્રહ્મજ્ઞાનનું દાન આપનાર વ્યક્તિ સૌથી મોટી દાની છે.જીવનું મુક્તિમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન અહંકાર છે.જે વિશાળ પ્રભુનાં દર્શન કરીને દૂર થાય છે.આપણા અહંકારનું કારણ જીવભાવ છે,જે પ્રભુદર્શનથી દૂર થાય છે.જીવભાવ દૂર થતાં જ તમામ દુ:ખ દુર થાય છે.

મૃત્યુના સમયે સગાં-સબંધીઓ કોઇ જીવની સાથે જતા નથી.જીવ પોતાના સારા-નરસા કર્મો..મન અને ઇન્દ્રિયોના સૂક્ષ્મ રૂપ સહિત પહેલાંના શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે.જ્ઞાન ભક્તિ સંપન્ન કર્મ કરેલા હશે તો મુક્ત થઇ જવાશે એટલે પરીવાર તથા સબંધીઓના મોહમાં પડીને ક્યારેય એવા કર્મ ના કરવા જોઇએ કે જે અમોને ભવિષ્યમાં મૃત્યુ પછી દુ:ખદાયી થાય.સંસારના તમામ સબંધો અસત્ય અને કલ્પિત છે.

સોનામાં આભુષણોની..માટીમાં ઘડાની.. સૂતરમાં વસ્ત્રની મિથ્યા કલ્પના છે તેવી જ રીતે ચેતન તત્વમાં જગતની મિથ્યા કલ્પના છે.નામ-રૂપ-ગુણ અને વિકારોથી રહિત તમે બ્રહ્મનું રૂપ છો તેવું ચિત્તમાં ચિન્તન કરો.તમામ વસ્તુઓ આરંભમાં નિરાકાર..વચ્ચે થોડા સમયના માટે સાકાર અને પછી અંતમાં નિરાકાર જ હોય છે તો પછી તેના માટે દુ:ખી શા માટે થવું..?

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા, જી.પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ભાભરના અસાણા માં પરિણીત મહિલાએ ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

### મહીલાઓ ની સુરક્ષાની વાતો કરતી સરકાર ક્યારે જાગશે

ભાભર,

ભાભરના અસાણા ગામે પરણિત મહિલાએ તેના સાસરિયામાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ગળે ફાંસો ખાઈને આપઘાત કરતા પિયરપક્ષે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લામાં હત્યા તેમજ આત્મહત્યાના બનાવો એક પછી સામે આવી રહ્યા છે. ત્યારે આજે વધુ એક મહિલાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ભાભરના અસાણા ગામે એક પરણિત મહિલાએ તેના સાસરીમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મહિલાએ તેના સાસરીમાં ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરતા જાણ પિયરપક્ષને થતા પિયરપક્ષે તાત્કાલિક ભાભર પોલીસને જાણ કરતા પોલીસની ટિમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતકની લાશને ભાભર સિવિલ પી.એમ અર્થે ખસેડી હાલ પોલીસે એડી દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પરંતુ મહિલાએ આત્મહત્યા કરે કે તેની હત્યા કરવામાં આવી તે પી.એમ રિપોર્ટ બાદ ખ્યાલ આવશે.

# મોરબીમાં ગેરકાયદેસર મીટ શોપ બંધ કરવા પંકજભાઈ બુચ દ્વારા રજૂઆત

મોરબી,

મોરબી નગરપાલિકા હદ વિસ્તારમાં મીટ શોપ આવેલી છે અને તેને બોમ્બે શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ-૧૯૬૮ની દુકાન તરીકે પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આ મીટ શોપ/ચીકન શોપ અને ફીશ શોપને દુકાન તરીકે રજીસ્ટર કરવામાં આવી છે, પરંતુ તેનાથી પ્રાણીનું માંસ ચીકન અને ફીશ વેચવાનો તેમને અધિકાર મળતો નથી. મીટ શોપ/ચીકન શોપ અને ફીશ શોપ ચલાવવા માટે ઘી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ એકટ-૨૦૦૬ તેમજ ધી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ (લાયસન્સીંગ એન્ડ ફૂડ બીઝનેસીસ) રેગ્યુલેશન્સ- ૨૦૧૧ અન્વયે કોમ્પીટન્ટ અધિકારી પાસેથી રજીસ્ટ્રેશન મેળવવુ પડે છે. વધુમાં મોરબી જિલ્લામાં એકપણ રજીસ્ટર્ડ કતલખાનું આવેલ નથી અને તેથી આ તમામ મીટશોપ/ચીકન શોપ ફીશ શોપના માંસનું પ્રોકયોરમેન્ટ ગેરકાયદેસર બની જાય છે. તેથી તેમની પાસે આ કાયદા અન્વયે રજીસ્ટ્રેશન હોય તો પણ તેમને ફુડ બીઝનેસ ઓપરેટર તરીકે વ્યવસાય કરવાની કોઈ સત્તા મળતી નથી અને તે ગેરકાયદેસર બને છે. આ તમામ હકીકતો ધ્યાન પર આવતા અહિંસા મહાસંઘનાં પંકજભાઈ બુચ દ્વારા મોરબી નગરપાલિકાને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં તમામ શોપને તત્કાલ અસરથી બંધ કરવા અને જવાબદાર શોપ્સના માલિકો સામે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવા બદલ કાયદા અન્વયે એફ.આઈ.આર. રજીસ્ટર કરવા અહિંસા મહાસંઘના પંકજભાઈ બુચ દ્વારા વિનંતી કરાઇ છે .

# અમદાવાદ જિલ્લામાં "નલ સે જલ યોજના" અંતર્ગત ૧૦૦ ટકા નળ જોડાણ સંપન્ન

**અમદાવાદના ૩.૬૯ લાખ ગ્રામીણ ઘરોમાં નળ જોડાણ કરવામાં આવ્યું**

**અમદાવાદ જિલ્લા પ્રભારી અને રાજ્ય પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ :-**

**અમદાવાદ જિલ્લા તંત્ર દ્વારા ગણતરીના મહિનાઓમાં જ નળ જોડાણની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરીને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું**

**ગુજરાતના ૩૩ માંથી ૧૭ જિલ્લામાં ૧૦૦ ટકા નળ જોડાણ સંપન્ન**

**ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં રાજ્યના પ્રત્યેક ઘરમાં નળ થી શુધ્ધ પીવાનું જળ પહોંચાડવા સરકાર કટિબધ્ધ**

અમદાવાદ,

અમદાવાદ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત ૧૦૦ ટકા નળ જોડાણની કામગીરી સંપન્ન કરવામાં આવી છે. આ સિધ્ધ બાદ અમદાવાદ જિલ્લો સમગ્ર રાજ્યમાં ૧૦૦ ટકા નળ જોડાણ ધરાવતો ૧૭ મો જિલ્લો બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં સમગ્ર રાજયમાં ૯૬.૫૧ ટકા ઘરોમાં નળ થી જળ પહોંચાડવા માટે નળ જોડાણની કામગીરી સફળતાપૂર્ણ પુરી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાની વિગતો જોઈએ તો અમદાવાદ જિલલાના કુલ ૩ લાખ ૬૯ હજાર ૫૯૩ ઘરોમાં નળ થી શુધ્ધ પીવાનું જળ પહોંચાડવા માટે નળ જોડાણ કામગીરી સુપેરે સંપન્ન કરવામાં આવી છે. જેમાં દસક્રોઈ તાલુકાના ૮૪,૦૧૬, સાણંદના ૬૦,૭૪૧, ધોળકાના ૫૪,૪૬૧, વિરમગામના ૪૪,૭૮૩, બાવળાના ૪૦,૬૭૮, દેત્રોજના ૨૮,૮૪૫, માંડલના ૨૩,૩૩૩ , ધંધુકાના ૧૭,૭૩૯અને ધોલેરા તાલુકાના ૧૪,૯૯૭ ગ્રામીણ ઘરોમાં ૧૦૦ ટકા નળ જોડાણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજયના પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લામાં યુધ્ધના ધોરણે કામગીરી કરીને ગણતરીના મહિનાઓમાં જ ૧૦૦ ટકા નળ જોડાણની કામગીરી સંપન્ન કરવામાં આવી છે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલના સબળ નેતૃત્વ હેઠળ રાજ્ય પાણી પુરવઠા વિભાગ ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં રાજયના તમામ ૯૧.૭૭ લાખ ગ્રામીણ ઘરોમાં નળ થી શુધ્ધ પીવાના જળની વ્યવસ્થા કરવા કટિબધ્ધ છે.

અમિતસિંહ ચૌહાણ

# ડાંગના ગ્રામીણ માર્ગોની મરામત પુરજોશમા હાથ ધરતું બાંધકામ વિભાગ



આહવા: તા: ૧૯ : ભારે વરસાદને પગલે રાજયના છેવાડે આવેલા ડાંગ જિલ્લાના ગ્રામ્ય માર્ગોને પણ ભારે નુકશાન થવા પામ્યુ છે.

જિલ્લા પંચાયતની બાંધકામ શાખાના કાર્યપાલક ઈજનેર શ્રી રાજૂભાઈ ચૌધરી તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લામા મુશળધાર વરસાદને પગલે એક પ્રાથમિક અંદાજ મુજબ કુલ-૫૮ જેટલા ગ્રામીણ માર્ગો, પુલો, કોઝ-વે ને અંદાજિત રૂ. ૨૧૮.૧૦ લાખ જેટલુ નુકશાન થયુ છે.ડાંગના ત્રણેય તાલુકાઓની વિગતો જોઈએ તો આહવા તાલુકામા કુલ ૧૨ માર્ગોને રૂ.૪૭ લાખનુ નુકશાન થવા સાથે, સુબીર તાલુકાના ૨૪ માર્ગોને રૂ.૧૧૭.૧૦ લાખ, અને વઘઈ તાલુકાના ૨૨ માર્ગોને રૂ. ૫૪ નુકશાન પહોંચ્યુ છે.

રાજય સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા અસરકારક માર્ગો, પુલો, કોઝ-વેનુ તાત્કાલિક દુરસ્તીકામ હાથ ધરી, તેને વાહન વ્યવહાર યોગ્ય બનાવવા માટે, જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા, તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. વિપીન ગર્ગના માર્ગદર્શન હેઠળ, જિલ્લા પંચાયત બાંધકામ શાખાની ટીમ રાઉન્ડ ધ ક્લોક માર્ગ સુધારણાના કામે લાગી ગઈ છે.

નરેન્દ્ર પવાર

ડાંગ

# ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાથી ૧૪ લોકોના મોત,મુખ્યમંત્રીએ આર્થિક સહાય જાહેર કરી

લખનૌ,તા.૨૧

ચોમાસાની આ સિઝનમાં જ્યાં એક તરફ વરસાદે કાળઝાળ ગરમીમાંથી રાહત અપાવી છે ત્યાં જ અનેક રાજયો માટે વરસાદ આફત બની ગયો છે.

ક્યાંક પૂર આવ્યું છે તો ક્યાંક વીજળી પડવાથી લોકોના મોત થઈ રહ્યા છે. તાજો મામલો ઉત્તર પ્રદેશનો છે. અહીં અલગ-અલગ જિલ્લામાં વીજળી પડવાથી ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૬ લોકો દાઝી ગયા છે.

આ ઘટનાઓ બાદ રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આર્થિક સહાયની જાહેરાત કરી છે.

રાહત કમિશનરની કચેરીમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં વીજળી પડવાની ઘટનાઓમાં કુલ ૧૪ લોકોના મોત થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમાંથી સૌથી વધુ ચાર લોકોના મોત બાંદામાં થયા છે.

આ સિવાય ફતેહપુરમાં બે અને બલરામપુર, ચંદૌલી, બુલંદશહર, રાયબરેલી, અમેઠી, કૌશામ્બી, સુલતાનપુર અને ચિત્રકૂટ જિલ્લામાં એક-એક વ્યક્તિના મોત થયા છે.અને ઘાયલ પણ થયા છે.

## તારંગાથીઆબુરેલવે:

# ગાંધીનગરની જેમ અંબાજી રેલ્વેસ્ટેશન ઉપર હશે ૧૦૦ રૂમની બજેટ હોટલ





તારંગા,

પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ દ્વારા દેશના રેલવે તેમજ રોડવેના માળખાને એક સુસંગત રીતે જોડીને વિકાસની નવી યાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરી છે. તેના ભાગરૂપે વડાપ્રધાનશ્રીના વડપણ હેઠળ ૧૩ જુલાઈએ કેબિનેટ દ્વારા તારંગા હિલથી અંબાજી અને અંબાજીથી આબુ રોડ સુધીની ૧૧૬.૬૫ કિમી નવી રેલવે લાઇનને મંજૂરી આપવામા આવી છે. રૂ. ૨૭૯૮.૧૬ કરોડના ખર્ચે તારંગા હિલ્સથી આબુ સુધી રેલવે લાઇન સ્થાપિત કરવાને કેબિનેટે મંજૂરી આપ્યા બાદ હવે રાજ્ય સરકાર તેમજ રેલવે વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને સૂચન અનુસાર ૧૮ જુલાઈ ૨૦૨૨ના રોજ એ રેલવેના જીએમ અને ડીઆરએમ અમદાવાદ તેમજ પ્રવાસન વિભાગ અને લેન્ડ રિફોર્મના સચિવએ ચીફ સેક્રેટરી શ્રી પંકજકુમાર સમક્ષ પ્રોજેક્ટની કામગીરીના રોડમેપ અંગે મુલાકાત કરી હતી. આ પ્રોજેક્ટને આગળ લઇ જવા અંગેની વ્યૂહાત્મક બાબતો વિશે તેમાં અધિકારીઓએ ચર્ચા કરી હતી. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત અંબાજી રેલવે સ્ટેશનને શક્તિપીઠની થીમ પર વિકસિત કરવામા આવશે અને પાંચ માળ સુધી બજેટ હોટલ માટે જગ્યા ફાળવવામા આવશે.

આ પ્રોજેક્ટને આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું નક્કી કરવામા આવ્યું છે. ૬ રિવર ક્રોસીંગ ધરાવતી તારંગાથી આબુ સુધીની ૧૧૬.૬૫૪ કિમીની રેલવે લાઇનની કામગીરી ચાર તબક્કામાં પૂર્ણ કરવામા આવશે જે ૬૦ ગામડાઓમાંથી પસાર થશે. આ રેલવે લાઈનના નિર્માણથી ગુજરાતના ત્રણ જિલ્લાના ૧૦૪ ગામડાઓને ફાયદો થશે.

આ રેલવે લાઇન ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા તેમજ રાજસ્થાનના સિરોહી જિલ્લામાંથી પસાર થશે. રેલવે દ્વારા તેના માટે ૧૫ સ્ટેશન સૂચિત કરવામા આવ્યા છે. જેમાં વરેઠા (વર્તમાનમાં ચાલુ), ન્યૂ તારંગા હિલ, સતલાસણા, મુમનવાસ (હોલ્ટ), મહુડી (હોલ્ટ), દલપુરા, રૂપપુરા (હોલ્ટ), હડદ, આંબા મહુડા (હોલ્ટ), પેટા છપરા (હોલ્ટ), અંબાજી, પારલી છપરી (હોલ્ટ), સિયાવા (હોલ્ટ), કુઈ અને આબુ રોડનો સમાવેશ થાય છે. આમ ગુજરાતમાં ૧૧ અને રાજસ્થાનમાં ૪ રેલવે સ્ટેશન સમાવિષ્ટ થશે.

અંબાજી શક્તિપીઠની ભવ્યતા અનુસાર શક્તિપીઠની થીમ આધારિત આ રેલવે સ્ટેશનની ડિઝાઇન કરવામા આવશે. સ્થાનિક માલસામાનની ઉપલબ્ધિથી આ રેલવે સ્ટેશનને ગ્રાઉન્ડફ્લોર પર દિવ્યાંગ ફ્રેન્ડલી સુવિધાઓ સાથે વિકસિત કરવામા આવશે. યાત્રાળુઓની સુવિધાઓ માટે ઉપર પાંચ માળ સુધી ૧૦૦ રૂમની બજેટ હોટલનું નિર્માણ કરવામા આવશે. પાર્કિંગ માટે પૂરતી સુવિધાઓ હશે તેમજ સ્ટેશનનું આર્કિટેક્ટર યાત્રાળુઓ માટે નયનરમ્ય બનાવવામા આવશે. તારંગા હિલ્સ રેલવે સ્ટેશનમાં પણ જૈન આર્કિટેક્ચરના આધારે કાયાપલટ કરવામા આવશે. ગુજરાતના ત્રણ જિલ્લાઓમાંથી કુલ ૪૦૯.૪૮૦ હેક્ટર જમીન આ પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવામા આવશે. તેમાં કુલ ૩૩ મેજર બ્રિજ નિર્માણ કરવામા આવશે જેમાં મહેસાણાના સતલાસણા તાલુકામાં ૮, બનાસકાંઠાના દાંતામાં ૧૭ અને સાબરકાંઠાના પોશીનામાં ૮ બ્રિજ બનાવવામા આવશે. જેમાં રોડ ઓવર બ્રિજની વાત કરીએ તો મહેસાણાના ખેરાળુ અને સતલાસણામાં ૨-૨, તેમજ દાંતા અને પોશીનામાં ૧-૧ બ્રિજ નિર્માણ થશે. કુલ ૪૭ રોડ અન્ડર બ્રિજનું નિર્માણ થશે જેમાં સતલાસણામાં ૧૩, દાંતામાં ૨૮ અને પોશીનામાં ૬ બ્રિજનું નિર્માણ કરવામા આવશે.

તારંગા-આબુરોડ રેલવે લાઈનથી તેની આસપાસના વિસ્તારમાં આવતા અનેક ગામડાઓ તેમજ મુખ્ય મથકો રેલવે કનેક્ટિવિટીથી જોડાશે, નવા ઉદ્યોગ અને સાહસોને કનેક્ટિવિટી વધતા પ્રોત્સાહન મળશે, રોજગારીની નવી તકો સર્જાશે અને આ વિસ્તારનો વિકાસ થશે. અંબાજી અને તેની આસપાસના વિસ્તારમાં માર્બલ ઉદ્યોગ વિકસ્યો છે. આ રેલવે લાઈનથી માર્બલ ઉદ્યોગના પરિવહન માટે મોટી સુવિધા ઉપલબ્ધ થશે. અંબાજી અને તેની આસપાસનો વિસ્તાર પર્વતીય હોઈ પરિવહનને લઇ અનેક પ્રશ્નો ઉભા થતાં હતા, પરંતુ હવે માર્બલ ઉદ્યોગ માટે પરિવહનની મુશ્કેલીઓ દૂર થશે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG:SS:NO:0101
વિષય : સૂર-સંગીત-સુરાવલી
પ્રકાર : પદ્ય ગીત
શીર્ષકઃ કાન-ગોપીની રંગત જામી
રચનાઃ ભરત સાંગાણી

સૂર-સંગીતની રમત જામી
સુરાવલી આમ મસ્ત જામી
કાન-ગોપીની રંગત જામી
યમુના તીરે વાગે વાંસળી
નાદે વીંધાય મારી પાંસળી
કાન-ગોપીની રંગત જામી
સૂર સરે ને ઝાંઝર ઝમકે
તા થૈ તા થૈ તા થૈ પાદ ઠમકે
કાન-ગોપીની રંગત જામી
ફેલાયો અંગ અંગ અનંગ
રસભર્યા રમ્યા રતિરંગ
કાન-ગોપીની રંગત જામી
શાંત નીર ઊછળ્યાં રે વાલા
મગન થયાં લાડલી ને લાલા
કાન-ગોપીની રંગત જામી
રચનાઃ ભરત સાંગાણી

---------------------------------------------

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No - 39
વિષય -- સૂર, તાલ, સુરાવલી
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક -- ઘર એક મંદિર
રચના --

સૂર, તાલ, લયની મધુર સુરાવલી આ જિંદગી!
ગીત ગુંજે ઘરમંદિરમાં, ગુનગુનાવે જિંદગી!
દીવાલો પર વહે સરગમ, ગાતું રહે દરેક માનવમન!
બાળકોનાં બાળપણથી મસ્ત રણકતી રહે જિંદગી!
શુભ આશિષ માવતરનાં, અણુઅણુમાં ગુંજતા રહે!
જીવનસાથીના સાથથી ઘરમાં મધુર સંગીત વહે!
શુભ લાભના સાથિયા, બારણે આસોપાલવના તોરણ!
ઘર એક મંદિર બને, ઘંટારવનો સુરીલો રણકાર વહે !
ઈશ્વર પણ થઈ જાય ખુશ, જ્યાં સ્નેહની સરિતા વહે!
વિશ્વાસ, આદર ને સમર્પણ, હૃદયમાં ઘુંટાતા રહે!
પ્રફુલ્લા "પ્રસન્ના"

---------------------------------------------

NOG SS No : 0089
વિષય : સૂર સંગીત અને સૂરાવલી
શીર્ષકઃ માધુર્ય
પ્રકાર : ગદ્ય

ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે !માધુર્ય માણવું હોય તો તેને

માટે અભિગમ જોઈએ. કદાચ તે વિશે અજ્ઞાન ચલાવી શકાય, પણ સંગીતને

માણવાની રુચી આવશ્યક છે. સત્ય કહીશ, સત્ય સિવાય બીજું કંઈ નહી કહું,

સંગીતનું જ્ઞાન નથી પણ માણવાની મજા કંઈક ઔર છે.

અવાજ તો કહીશ કે 'બાથરૂમ સિંગર છું'. હંમેશા રાગડા તાણતી હોઉં, એકલી

હોઉં ત્યારે. ભજન અને ગીતો લખવાની ટેવ ને કારણે એક બંગાળી મિત્ર 'કી બોર્ડ' વગાડતાં શિખવાડી ગઈ. મને કહે, 'ભગવાન કે સામને ભાવ ચાહિયે મધુર આવાજ નહી,'

ભાવના ભૂખ્યા ભગવાનને મસ્ત બની સંભળાવું છું.

એક પ્રસંગ જણાવું. સંગીતના જલસામાં એક પછી એક બધા ધીમે રહીને સરકી ગયા.

અંતમાં એક ભાઈ રહ્યા હતા. પંડિતજીએ કહ્યું, ('આપકો સચમુચ મેરા કાર્યક્રમ અચ્છા લગા)?

પેલા ભાઈ અચકાયા , પણ સાચું બોલ્યા આપ જો ગાલીચા પર બૈઠે હૈ વો મેરા હૈ. અગર

ઘર લિએ બીના ગયા તો પત્ની ગુસ્સા કરેગી'.

આવા સરસ વિષય પર, બે શબ્દ હસવા માટે લખ્યા. કલાના ઉપાસક હોય તો તેમને મહેફિલમાં

સુર અને સંગીત નો સમન્વય ખૂબ આનંદ પમાડે. આ કલા માટે અત્યંત સાધનાની આવશ્યકતા છે.

પંડિત જસરાજ, લતા મંગેશકર ને સાંભળતા ક્યારે પણ થાક લાગ્યો છે ? તન બદન માં તેમના સૂર

એક ઝણકાર ફેલાવવા કામયાબ બને છે. જેમ સૌંદર્ય પામતા પહેલા સૌંદર્ય બનવું પડે. તેમ સૂર અને

સંગીતની લહેજત માણતા પહેલા સુર અને સંગીત વિશે જાણકારી હોવી જોઈએ.

અભિગમ કેળવવો પડે.

ચિત્તને બસ એમ જ થાય સાંભળ્યા જ કરીએ. અરે સુંદર મધુર સૂર તો આપણને ધ્યાનમાં સેરવવાની

ક્ષમતા ધરાવે છે. પીરસનાર અને માણનાર બંને આનંદની ચરમસીમા અનુભવે છે. જીવનમાં આ

લહાવો અચૂક માણવા જેવો છે.

સુંઠના ગાંગડે ગાંધી ન થવાય. સૂર અને સંગીત માણી અદભૂત એકતાની લાગણીઓ અનુભવવી એ

સંગીત પ્રેમી નું કામ છે. એનો નશો મને ધ્યાનમાં સેરવવા કામયાબ બને છે.જેનું શબ્દોમાં વર્ણન ન

થઈ શકે.

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

# સિવિલ હોસ્પિટલમાં ૮૦ મું અંગદાન : અત્યારસુધીમાં ૨૩૦ પીડિતને નવજીવન




અમદાવાદ ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૮૦ મું અંગદાન થયું છે. ૩૦ વર્ષના ચેતનકુમાર ચૌહાણ બ્રેઈનડેડ થતા પરિવારજનોએ કરેલા અંગદાનના નિર્ણય થકી હ્રદય, બે કિડની અને લીવરનું દાન મળ્યું છે.

ચેતનભાઇનું હ્રદય ઘબકતું ઘબકતું શરીરમાંથી નીકળીને ૫૨૫ કિ.મી.નું અંતર ખેડી મુંબઇની હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ થવા નિકળ્યું. સિવિલ હોસ્પિટલ થી અમદાવાદ એરપોર્ટ પહોંચાડવા માટે અમદાવાદ પોલીસની મદદથી ગ્રીનકોરિડોરની વ્યવસ્થા કરવામાં આવી.ગ્રીનકોરિડોર મારફતે ૮ મીનિટ કરતા પણ ઓછા સમયમાં અમદાવાદ એરપોર્ટ પહોંચીને ત્યાં કાર્યરત ફલાઇટમાં તહેનાત તબીબી ટીમ દ્વારા હ્રદયને લઇને અન્ય પીડિત દર્દીને નવજીવન આપવાની ઉડાણ ભરવામાં આવી.

અમદાવાદથી ૫૨૫ કિ.મી.નું અંતર ખેડીને હ્રદય મુંબઇની રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ ૪૨ વર્ષના દર્દીમાં પ્રત્યારોપણ માટે પહોંચ્યું. સમગ્ર વ્યવસ્થા ગણતરીની મીનિટોમાં જ સંપન્ન થઇ. ત્યારબાદ ૫ કલાકની સર્જરીના અંતે સફળતાપૂર્ણ હ્રદયનું પ્રત્યારોપણ અન્ય દર્દીમાં થયું.

ચેતનભાઇ નાની ઉંમ્રમાં માતા-પિતાનો આધાર ગુમાવીને નિરાધાર બન્યા હતા. થોડા સમય બાદ એક ભાઇનો પણ સંગાથ ગુમાવ્યો. જેના કારણે તેઓ જીવનનું મૂલ્ય સમજતા હતા. આ તમામ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી બહાર નિકળીને હજું માંડ તેઓ પગભર બન્યા હતા ત્યા ૩૦ વર્ષની નાની ઉમ્રે ૧૨ મી જુલાઇના રોજ તેમને ગંભીર માર્ગ અકસ્માત નડ્યો. માર્ગ અકસ્માતમાં ગંભીર પ્રકારની ઇજા પહોંચતા તેઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા.

ઇજા અત્યંત ગંભીર હતી. તબીબોએ દિવસ - રાત રાઉન્ડ ધ ક્લોક સઘન સારવાર હાથ ધરી છતા છેલ્લે ઇશ્વરને ગમ્યું તે જ બન્યું. ૭ દિવસની સઘન સારવારના અંતે તબીબો દ્વારા ચેતનભાઇને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા.

પરિવારજનોને અંગદાનના મહત્વ વિશે સિવિલ હોસ્પિટલના તબીબ ડૉ. નિલેશ કાછડીયા અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સ્વંયસેવકો દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવ્યું.

પરિવારજનોના શબ્દો હતા કે, અમેં અમારા ચેતનને બચાવી ન શક્યા પરંતુ તેના અંગો થકી અન્યોના ઘરનો દિપ પ્રજવલ્લિત થાય તો તેનાથી પૂણ્યનું કામ અન્ય વળી કયું હોઇ શકે. બસ આ જ વિચારધારાને વરેલા પરિવારજનોએ અંગદાનનો હ્રદયસ્પર્શી નિર્ણય કર્યો.

અંગદાનની સંમતિ મળ્યા બાદ ચેતનભાઇને સિવિલ હોસ્પિટલના રીટ્રાઇવલ સેન્ટરમાં લઇ જવામાં આવ્યા. રીટ્રાઇવલ સેન્ટરમાં ૭ કલાકની મહેનતના અંતે હ્રદય, બે કિડની અને એક લીવરનું દાન મળ્યું.

ચેતનભાઇના હ્રદયને ગ્રીન કોરિડોર મારફતે ફલાઇટમાં મુંબઇ સ્થિત રીલાયન્સ હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ માટે પહોંચાડવામાં આવ્યું.

હ્રદય જયારે મુંબઇ પહોંચ્યું ત્યારે હોસ્પિટલમાં તહેનાત તબીબોએ ત્વરિત પ્રક્રિયા હાથ ધરીને ૪૨ વર્ષના દર્દીમાં સઘન સારવાર હાથ ધરીને પ્રત્યારોપણ કર્યું.

ચેતનભાઇની બે કિડની અને લીવરમાં સિવિલ મેડિસીટીની જ કિડની ઇન્સ્ટીટ્યુટમાં જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યું.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, સિવિલ હોસ્પિટલે આદરેલો અંગદાનનો સેવાયજ્ઞ આજે જન જનમાં મદદની મુહિમ બન્યો છે. સમાજમાં પ્રવર્તી રહેલી અંગદાનની રોજબરોજની જનજાગૃતિના પરિણામે આજે લોકો સ્વૈચ્છાએ પણ અંગદાન માટે સંમતિ આપતા થયા છે. અંગદાનની સમગ્ર પ્રવૃતિ સાથે સંકળાયેલા તબીબ ડૉ. નિલેશ કાછડિયા જણાવે છે કે, દર્દીને બ્રેઇનડેડ જાહેર કરાયા બાદ પરિવારજનોને અંગદાન માટે કાઉન્સેલીંગ કરવું શરૂઆતના સમયમાં અત્યંત પડકારજનક હતું. પરંતુ સમાજસેવી સંસ્થાઓ અને મીડિયાના માધ્યમથી સમાજમાં અંગદાન પ્રત્યે પ્રવર્તેલી જનજાગૃતિના પરિણામે આજે કાઉન્સેલીંગમાં ખૂબ જ ઓછો સમય લાગે છે વળી ઘણાંય પરિવારો સ્વૈચ્છાએ અંગદાન માટેની ઇચ્છા દર્શાવે છે.

અમિતસિંહ ચૌહાણ

# વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રા ધામ અને હિન્દુઓનું આસ્થાનું કેન્દ્ર એવું દ્વારકાધીશનું મંદિર જર્જરિતહાલતમાં..!



## દ્વારકાધીશ મંદિરને વૈજ્ઞાનિક પદ્ધતિથી પુનઃનિર્માણ કરવાની કૃષ્ણ ભક્તો દ્વારા માંગણી

આખું ગુજરાત રાજય ધાર્મિક યાત્રાધામો સાથે અત્યંત સમૃદ્ધ છે અને પવિત્ર મંદિરો અંબાજી, સોમનાથ, દ્વારકા, પાલિતાણા, ગિરનાર અને ડાકોર ગુજરાતના મુખ્ય પવિત્ર સ્થળો છે. અગ્રણી 'દ્વારકા પુરી', 'ચાર ધામ', 'દ્વારકા ધામ' પૈકીનું એક વિશ્વ પ્રસિદ્ધ સૌથી મોટું હિન્દુ મંદિર છે. વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રા ધામ, હજારો વર્ષોથી અડીખમ ઊભેલું ,હિન્દુઓનું આસ્થાનું કેન્દ્ર એવું દ્વારકાધીશનું મંદિરઅત્યારે ખૂબ જર્જરિત હાલતમાં છે ત્યારે દ્વારકાધીશ મંદિરને વૈજ્ઞાનિક પદ્ધતિથીપુનઃ રીનોવેશન કરવાની માંગણી સાથેનો ખુલ્લો પત્ર તંત્ર અને તમામ વિભાગને લખવામાં આવ્યો આવ્યો હતો અને આ સાથે ઘણી અન્ય માહિતી પણ માંગવામાં આવી હતી. આ અંગે છેલ્લા બે વર્ષથી મંદિરની બાબતમાં સતત સંઘર્ષ કરતાં બ્રિજેશભાઈ ભેડાને વહીવટી તંત્ર, પુરાતત્વ વિભાગ, પવિત્ર યાત્રાધામ બોર્ડ કે મંદિર તરફથી કોઈ હકારાત્મક જવાબ મળ્યો નથી તેથી તેઓ આ અંગે હજુ પરિણામ ન મળે ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખશે તેવું તેના પત્રમાં જણાવાયું છે. તેઓની માંગણી છે કે દ્વારકાધીશ મંદિર દરિયા કિનારે આવેલું હોવાથી વરસાદ,વાવાઝોડું ને ભેજ ની સૌથી વધારે અસર મંદિરના બાંધકામ પર પડતી હોય છે ત્યારે તેને અમુક સમયે રીનોવેશન કરવું જરૂરી બની જતું હોય છે પરંતુ સતાધીશો દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે જેનાથી લાખો કૃષ્ણ ભક્તોની લાગણી પણ દુભાય છે. આ અંગે લોકોએ જાગૃત થઈને તંત્રનું અને સરકારનું ધ્યાન દોરવું જોઈએ અને હિન્દુ સંગઠનોએ પણ સહકાર આપવો જોઈએ.

બ્રિજેશ ભેડા

# આપત્તિ સમયે અમદાવાદ ફાયર વિભાગની કાબિલેદાદ બચાવ કામગીરી

અમદાવાદ,

સમગ્ર રાજયમાં ગત્ અઠવાડિયે ભારે વરસાદની પરિસ્થિતી સર્જાઇ હતી. વરસાદી પરિસ્થિતિ વચ્ચે સરકાર અને સમાજ સૌએ સાથે મળીને કુદરતી આપતીનો દ્રઢતાપૂર્ણ સામનો કર્યો. હાલ પણ ઘણા સ્થળોએ દ્રઢઇહ્ અને જીઢ્ઇહ્ના જવાનો દ્વારા બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ શહેરમા પણ ફાયર વિભાગ દ્વારા ભારે વરસાદની પરિસ્થિતિમાં છેલ્લા આઠ દિવસમાં ૫૧ જેટલા બચાવ કામગીરી અને આગ લાગવાના કોલ એટેન્ડ કાબિલેદાદ સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. છેલ્લા આઠ દિવસમાં અમદાવાદ ફાયર વિભાગને બચાવ કામગીરી માટે ૩૧ અને આગ લાગવાના બનાવમાં મદદ માટે ૨૦ જેટલા કોલ આવ્યા હતા. જે તમામ કોલના ગણતરીના કલાકોમાં જ ફાયર વિભાગ દ્વારા સુપેરે અને સુખદ નિવારણ લાવવામાં સફળતા મળી છે. તમામ કોલની વિગતો આપતા અમદાવાદ ફાયર વિભાગના અધિકારી ઓમ જાડેજા જણાવે છે કે, ફાયર વિભાગને બચાવ કામગીરી માટે આવેલા કોલમાં ૭ કોલ વરસાદના કારણે ગાડીમાં ફસાયેલા માણસોની મદદ માટે આવ્યા હતા. જેમાં ૧૪૧ માણસોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા છે. દિવાલ ધસી જવાના ૪ કોલ આવ્યા જેમાં ૫ વ્યક્તિઓ દટાઇ ગયા હતા જેમને પણ સફળતાપૂર્ણ બહાર કાઢવામાં આવ્યા છે જેમાંથી ૧ વ્યક્તિને ઇજા થઇ છે પરંતુ સઘન સારવાર મળતા હાલ તે સંપૂર્ણપણે સ્વસ્થ છે. ફાયર વિભાગને મકાન પડવાના પણ એક કોલ આવ્યો હતો જેમાં પણ સફળતાપૂર્ણ બચાવકામગીરી હાથ ધરવામા આવી છે. શહેરમાંથી ઝાડ પડી જવાના કુલ ૧૮ કોલ ફાયર વિભાગને મળ્યા હતા જેનું પણ સુપેરે નિકાલ કરીને પરિસ્થિતિને પૂર્વવત કરવામાં આવી.તદ્ઉપરાંત ઇલેક્ટ્રીક થાંભલો પડવાનો એક કોલ મળ્યો હતો જેમા પણ સ્થળ પર જઇને સઘન પ્રક્રિયા હાથ ધરીને સ્થિતિ પૂર્વવત કરી છે. યારે ફાયર લાગવાના કુલ ૨૦ કોલ મળ્યા જેમાંથી ૧૭ કોલ ઇલેક્ટ્રીક શોટ સર્કિટના, જ્યારે ૩ કોલ ફેક્ટરીમાં આગ લાગવાના મળ્યા હતા. જેમાં પણ ગણતરીની મીનિટોમાં જ ફાયર વિભાગના જવાનોને સ્થળ પહોંચીને સમગ્ર સ્થિતિને કાબૂમાં લીધી હતી.

# કેરોસીને કાલિયાની જેમ રૂપિયા ૬૬ થી ૧૦૨ રૂપિયે મારી અભૂતપૂર્વ ઊંચી છલાંગ!!

સાવ અંધારામાં. એકલું અટુલું. સાથી કે સંગી વિના. સાવ ખૂણામાં સૂતું હતું. થોડુંક કણસતું હતું. વિકાસના ઝાકઝમાળ , ચકાચૌંધ ,આંખને આંજી નાંખવારી ચમકદમકથી દૂર. એનો ભાવ પણ કોણ પૂછે? આત્મહત્યા માટેના ઉપલબ્ધ અનેક વિકલ્પોમાં હજુ તે કિફાયતી હોવાના લીધે લોકપ્રિય હતું. રાંધવા બાંધવામાં કોઇ તેનો ભાવ પૂછતું ન હતું. કેમ કે, તે હિમાલય બ્રાંડ ડ્રિંકિંગ વોટર જેવું કિંમતી ન હતું.તેના કાળાબજાર અટકાવવા કલર પણ બદલેલ.

તે બિચારાના હાડકા પાંસળા એક થઇ ગયેલ. ગાલના હાડકા અંદર પેસી ગયેલા. ક્યાંય ફૂલગુલાબી તેજી જોવા ન મળે! ચહેરા પર ભાવ વધારાની તેજી જોવા મળે. હાથપગ દોરડી અને પેટ ગાગરડી !!આવ વધારાના અભાવના પ્રભાવના કુપોષણથી પિડાય!! "વિટામિન એમ " ની તાતી જરૂરિયાત .

એક જમાનામાં એનો વટ હતો. રેશનિંગ કાર્ડ પર કાર્ડદીઠ એનો જથ્થો નિશ્ચિંત હતો. લોકો કેરબા, ડબલા વગેરે લઇને લાંબી લાંઇન લગાવતા હતા. પડોશીઓ પણ ખાંડ, લોટ, બટાટાની જેમ કેરોસીન વ્યવહાર હતો!!બધે મૂંગા કે ભડભડીયા પ્રાઇમસ હતા.કેરોસીન એટલું હતું કે આત્મહત્યા કરવા ઇચ્છતા માણસો માટે દર -બ દર ભટકવું પડતું ન હતું!!

કેરોસીન એ શહેરી નામ છે. ગામડામાં કેરોસીનને ઘાસલેટ કહે છે. નકામા માણસને ઘાસલેટિયો કહેતા હતા.કોઇને ગુસ્સો આવે તો તેલ લેવા જાય એમ કહે. ઘાસલેટને તેલ પણ કહેવામાં આવે છે.ઘાસલેટને ઘાસ સાથે દુર દૂરનો કોઇ સંબંધ નથી કે આમલેટ સાથે પણ નિસ્બત નથી , છતાં કેમ ઘાસલેટ કહે છે તેનું લોજિક તમને ખબર હોય તો કહેજો!!

કાચની બોટલના ઢાંકણામાં કાણું પાડી કપડાંના ચિથરામાંથી વાટ બનાવી, બોટલમાં કેરોસીન નાંખીને લાઇટનું પાવરહાઉસ બનાવતા. જે હેલોઝન ટાઇપના ટમટમિયા, લબુકિયા દિવા કેટલાય સારામાઠા પ્રસંગોના ચશ્મેદીદ ગવાહ હતા.

એક સમયે ચૌરે ને ચૌટે બે હજાર કે ત્રણ હજાર લિટરની ટાંકી બળદ ગાડામાં જોડી રાજસ્થાની મારવાડી ફેરિયાઓ ઘાસલેટ વહેંચવા નીકળતા. ટાંકીની નીચે નળ હોય.

લિટર, બે લિટર, પાંચ લિટર કે દલ લિટરના નિકલની ધાતુના મારિયા હોય. આ માહિતીમાંથી એક માર્યું નળ નીચે રાખી નળ ચાલુ કરે. માપિયા કેરોસીન અને ફીણથી ભરાઇ જાય!! ફીણ ઓછા થાય તે પહેલાં માપ્યું કેરબા કે ડબલામાં ઠાલવી દે .ફેરિયા પણ કારીગર હોય. માપિયાને નીચેની બાજુથી પથ્થરથી મારે.માપિયાને અંદરની બાજુ ઉપસાવે એટલે કેરોસીન ઓછું ભરાય. આવા ડિફેકટિવ માપિયા વાપરીને ગ્રાહકોને કેરોસીનનો જથ્થો ઓછો આપે અને પૈસા પૂરા વસૂલે. આમ, કેરોસીનના ફેરિયાની પાંચેય આંગળીઓ કેરોસીનમાં રહે!!

રાંધણગેસ અને પ્રવાહી રાંધણગેસ પાઇપ મારફત ઘરેઘરે આવ્યા પછી ઘાસલેટનું મહત્વ ઘટતું ગયું છે. ચૂલો સળગાવવા કેરોસીન વાપરવામાં આવે છે. સીએનજી રીક્ષા આવ્યા પહેલાં રીક્ષાઓ પેટ્રોલ-ડીઝલ જેટલું ભારોભાર કે તેનાથી વધારે ઘાસલેટ નાંખી રીક્ષા ચલાવતા હતા. જેથી રીક્ષાઓ ઝેરી સફેદ ધુમાડો સાયલેન્સરમાંથી કાઢી પર્યાવરણને નુકસાન પહોંચાડતી હતી!!!

કેરોસીન હવે રેર સ્પાઇસ ગણાય.કેરોસીન સુસ્ત અજગર જેવું. તેના ભાવો ખાસ વધે નહીં. તે કાચબા જેવું પણ સસલા સાથે હરીફાઈ ન કરે. વરસે દા'ડે રૂપિયો રોડો વધે એટલે એને મન ભયો ભયો .કેરોસીનને તુવેરદાળ,ટમેટા, લીંબુ, ડુંગળી, કોથમીર,પેટ્રોલ, ડિઝલ જેવો આભે પહોંચવાની તમન્ના કે અબળખા નહીં. સેન્ચુરી ક્લબમાં સભ્ય થવાના ભાવોરથ,(મનોરથ હોય તેમ ભાવોરથ) નહીં. છેલ્લે રૂપિયે ૬૫- ૬૬ અટકેલ. કેરોસીન સાલું છાનું છપનું છૂપું રુસ્તમ સાબિત થયું.

કાલિયા પિકચરમાં જેલર રઘુનાથસિંહ-પ્રાણ અમિતાભને કહે છે કે કાલિયા તુમ્હારે પહેલે મેરી જેલમાં ઇતની છલાંગ કિસીને નહીં લગાઇ જીતની તુમ્હે લગાઇ!! કેરોસીને કાલિયા જેવી છલાંગ મારીને સીધો ૧૦૨ રૂપિયે પહોંચ્યું. એક ગુજરાતી સદાબહાર નાટક ૧૦૨ નોટઆઉટ! કેરોસીન ૧૦૨ પર નોટઆઉટ છે.

કેરોસીનની ઊંચી છલાંગ જોઇને ડુંગળી, લસણ,કોથમીર , લીંબુ , તુવેરદાળ, પેટ્રોલ, સીએનજી ઝંખવાણા થઇ ગયા અને હક્કાબક્કા થઇ ગયા.નતમસ્તક થઇ ગયા!!!

કેરોસીન નોટઆઉટ ૧૦૨!!

ભરત વૈષ્ણવ
૨૧.૭.૨૦૨૨.

# બાંધું છું

પાણી પહેલા પાળ બાંધું છું,
પાયા પહેલા માળ બાંધું છું.
મોહ,માયા,મદ મોહ વગેરે,
શત્રુને ત્યજી જંજાળ બાંધુ છું.
ઈચ્છાઓ કયાં શુધ્ધ હોય છે,
શુધ્ધિ અર્થે વસ્ત્રગાળ બાંધું છું
સંચિત કર્મો શું વધતા રહે છે?
પાપની પોટલી કંગાળ બાંધુ છુ.
રાતે દીવો પ્રજવલિત ન હાય તો શું?
ઉગતા સૂર્યનું અસ્તાચળ બાંધું છું.
ભરત વૈષ્ણવ
૨૧.૭.૨૦૨૧.




મહેનતુ મહિલાઓના સ્વસહાય જૂથોને આર્થિક ઈંધણ રૂપે ધિરાણ અને રિવોલ્વિંગ ફંડનું કરાયું વિતરણ
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમદાવાદના સાણંદ ખાતે આયોજીત કરાયો કેશ ક્રેડિટ કેમ્પ
અમદાવાદના જિલ્લાના ૧૦૦થી વધુ સખી મંડળ અને સ્વસહાય જૂથોને ૧.૧૭ કરોડનું ધિરાણ અને રિવોલવિંગ ફંડની ચુકવણી



સિધ્ધપુર ફિલ્ડ પત્રકાર યુનિયન દ્વારા આજે સાંજે પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત લીધી. આ પ્રસંગે યુનિયન દ્વારા વિજય પટેલ સાહેબનું બુકે આપી શાલ ઓઢાડી તેમજ પ. પૂજ્ય શ્રી દેવશંકર બાપા ( ગુરુ મહારાજ ) ની પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યું.

જેમાં સિદ્ધપુર ફિલ્ડ પત્રકાર યુનિયન ના પ્રમુખ રશ્મિભાઈ દવે, ઉપ પ્રમુખ કમલેશભાઈ ઠાકર, અને અયુબખાન પઠાણ, મંત્રી પ્રવીણભાઈ દરજી, ખજાનચી વિશાલભાઈ જયસ્વાલ, સલાહકાર ચિરાગભાઈ પટેલ, નિખિલભાઈ ઠાકર, આમિરખાન પઠાણ, જયંતીભાઈ પટેલ, તેમજ સભ્યો વિપુલભાઈ ભોઈ, ભરતભાઈ લિંબચિયા, કમલેશભાઈ ગણવાની, વિપુલભાઈ જોશી, જહીરખાન મન્સૂરી, વિષ્ણુભાઈ ઠાકોર, હાર્દિકભાઈ રાઠોડ, જયેશભાઈ શુક્લ અને નિકુંજભાઈ નાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ સાહેબ દ્વારા સિદ્ધપુર ફિલ્ડ પત્રકાર યુનિયન નો આભાર વ્યક્ત કર્યો હતો.



## 'ગાંધીનગર ચા રાજા' સેક્ટર-૨૨નાસાર્વજનિક ગણેશોત્સવની તડામાર તૈયારીઓ ચાલુ થઈ!

ગાંધીનગર શહેરની શરૂઆત થઈ અને સેક્ટર - ૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સ્થાપના કરી ત્યાં ધામધૂમથી ગણેશોત્સવની શરૂઆત થઈ. આજે એ જ જગ્યાએ સળંગ ૫૩માં વર્ષે સાર્વજનિક ગણેશોત્સવ ઉજવવામાં આવશે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી નિશીત વ્યાસની અધ્યક્ષતામાં ગણેશોત્સવની ઉજવણી કરવામાં માટે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે સામાન્ય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં અરૂણભાઈ બુચ, ડૉ. કૌશિક શાહ, હિરેન શાસ્ત્રી, શૈલેન્દ્રસિંહ બિહોલા, મનોજ શુક્લ, સંજય થોરાત, ડો. ચેતના બુચ, અશ્વીનસિંહ ટાપરીયા, જયરાજસિંહ વાઘેલા, જયદીપસિંહ ઠાકોર, રાજેન્દ્રસિંહ ચાવડા, તેજાભાઈ દેસાઈ, વૈભવ જાની, ડો. વર્ષા પારેખ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં અને એમનાં કિંમતી સુચનો કર્યા હતા.

સ્વ. વિનોદભાઈ જોષી દ્વારા વર્ષો સુધી ગણેશોત્સવ સમિતિ સેક્ટર - ૨૨ ખાતે ગણેશોત્સવ ઉજવાતો હતો એ જ પરંપરા શ્રી નિશીત વ્યાસે જાળવી રાખી છે. ઉલ્લેખનીય છે કે આ સાર્વજનિક ગણેશોત્સવની પ્રથમ દિવસની આરતી ગુજરાત રાજ્યના રાજ્યપાલ દ્વારા ઉતારવામાં આવે છે. ગાંધીનગરની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ એક મંચ પર આવે અને ગણેશોત્સવ ઉજવે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## "ગુજરાત રાજ્યમાં ડ્રોન પાઇલોટને ટ્રેનિંગ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટીમાં આપવામાં આવશે.":જીતુભાઈ વાઘાણી



અમદાવાદ ૧૮ જુલાઈ ૨૦૨૨ :

ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન દ્વારા શરૂ કરવામાં આવેલ ડ્રોનની મોહિમને સાકાર કરવા ખભેથીખભા મિલાવનાર ગુજરાત પહેલું રાજ્ય છે. પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે 'ગુજરાત રાજ્યમાં ડ્રોન પાઈલોટને ટ્રેનિંગ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે આપવામાં આવશે. ત્યાર બાદ દેશની ૫૦ આઈ. ટી. આઈ માં તાલીમ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય છે તે આપણા માટે ગૌરવની વાત છે.' ડ્રોન પાઈલોટની તાલીમ માટે ૧૮ વર્ષ કે તેથી વધુ અને ધોરણ ૧૦ પાસ કરેલ વ્યક્તિ જોડાઈ શકશે. આ તાલીમ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી અને કૌશલ્યા ધી સ્કિલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આપવામાં આવશે. થોડા સમય પહેલા કૌશલ્યા ધી સ્કિલ યુનિવર્સિટી એ ૬૦ જેટલા ડ્રોન ફેકલ્ટીને તાલીમ આપી અને સર્ટિફિકેટ પણ એનાયત કર્યા સાથે ઇ કોમર્સ, મેડિકલ, પોલીસ અને કૃષિમાં ડ્રોનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ માટે ૭ દિવસ નો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો છે.

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈને જણાવ્યું કે 'અમે હમેશા દેશના પ્રગતિશીલ કર્યો માટે અમારું યોગદાન આપવા તત્પર છીએ. ડ્રોન પાઈલોટને ટ્રેનિંગ આપવા માટે અમારી યુનિવર્સિટીને પસંદ કરવા બદલ અમે રાજ્ય સરકારના આભારી છીએ અને કૌશલ્યા ધી સ્કિલ યુનિવર્સિટી ના સહયોગથી દેશના યુવાઓમાં કૌશલ્ય પ્રદાન કરવાની તક મળવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ. '

## પુનાસણ કવિ ઉમાશંકર જોશી ઈ- લાયબ્રેરી ખાતે ૧૧૨ મી જન્મ જયંતી ની ઉજવણી

### શ્રવણ સુખધામ સંસ્થા ના આધસ્થાપક ઇન્દુ એસ કે પ્રજાપતિ ના માગેદશેન હેઠળ યોજાયો કાયકમ




અરવલ્લી,

અરવલ્લી સાબરકાંઠા જિલ્લામાં આવેલ શ્રવણ સુખધામ સંસ્થા એ જુન ૧૯૯૬ માં કવિ શ્રી ઉમાશંકર જોશી પુસ્તકાલય ની સ્થાપના કરી હતી જે આજના આધુનિક ટેકનોલોજી યુગમાં બાળકો આંગણી ના ટેરવે વિશ્ર્વ સ્તરનું શિક્ષણ કોમ્પ્યુટર થકી મેળવી શકે તે હેતુથી સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં સૌપ્રથમ ઈ લાયબ્રેરી તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસ સાહેબ અને ખ્યાતનામ વ્યક્તા શ્રી સંજય રાવલ મોટીવેશન સ્પીકર ના હસ્તે ખુલ્લી મૂકી હતી ઈ લાયબ્રેરી ખાતે અરવલ્લી માં આવેલ માદરે વતન ખાતે આજે ખ્યાતનામ કવિ શ્રી ઉમાશંકર જોશી ની ૧૧૨ મી જન્મ જયંતી ની ઉજવણી ૧૧૨ દિવડા પ્રજ્વલિત કરી કવિ શ્રી ને યાદ કરવામાં આવ્યા હતાં આ ઈ-લાયબેરી ખાતે કવિ શ્રી નાં હસ્તે લખાયેલા તમામ પુસ્તકો નો સંગ્રહ છે તે ઉપરાંત કવિશ્રી નાં અભ્યાસ થી લઈને મળેલા એવોર્ડ પુરસ્કાર સાથે ની માહિતી આ ઈ લાયબ્રેરી ખાતે વિગત વાર સંસ્થા માં બનાવેલ લાયબ્રેરી માં સચવાયેલા માદરે વતન ખાતે આજે પણ કવિ શ્રી ને અહીંના લોકો અદભૂત પ્રેમ આપી યાદ કરી રહ્યા છે તેવું સંસ્થા ના આદ્યસ્થાપક ઈન્દુ એસ કે પ્રજાપતિ એ જણાવ્યું છે

રીપોર્ટ હિરેન પ્રજાપતિ સાબરકાંઠા (અરવલ્લી)

## સુરેન્દ્રનગર જીલ્લામાં વન ડે વન ડિસ્ટ્રીક કાર્યક્રમ અંતર્ગત સરપંચ સંવાદ કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ઉપસ્થિતિમાં યોજાયો

**સરપંચ સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે ઉપસ્થિત સરપંચો સાથે સંવાદ કરી નવા સજેશન અને પ્રશ્નો સાંભળ્યા અને ઝડપથી તેનુ નિરાકરણ થશે તેવો વિશ્વાસ સરપંચશ્રીઓને આપ્યો**

**ગામના સરપંચો કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ વધુમાં વધુ લાભ ગામના લોકોને અપાવે – શ્રી સી.આર.પાટીલ**




સુરેન્દ્રનગર ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, તારીખ ૨૧ જૂલાઇના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં પેજ સમિતીના પ્રણેતા અને મજબૂત સંગઠન સશક્તિથી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર કરનાર એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનો વન ડે વન ડિસ્ટ્રીક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ અંતર્ગત સરપંચ સંવાદ યોજાયો. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લા અધ્યક્ષશ્રી જગદીશભાઇ મકવાણાએ સ્વાગત પ્રવચન કર્યુ.

આ કાર્યક્રમમાં સરપંચો સાથે સંવાદ કરતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સરપંચોની રજૂઆત સાંભળી તેમના પ્રશ્નોનોનું નિરાકરણ કર્યુ. તેમજ સંબોધન કરતા જણાવ્યું કે, આજે સરપંચ સંવાદમાં ઘણા નવા નવા સજેશનો આવ્યા છે,નવા પ્રશ્નો આવ્યા છે તેમનુ નિવારણ ઝડપથી કરવા પ્રયત્ન કરવામાં આવશે. કેન્દ્ર સરકારની અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભ યોગ્ય વ્યક્તિને મળે તેવા પ્રયત્ન થાય તે અંગે માહિતી આપી. આદર્શ ગામ કેવી રીતે બની શકે તે અંગે સરપંચશ્રીઓને માહિતી આપી. ગામના લોકોને જયારે તમને ચૂંટીને મોકલ્યા છે તેમની અપેક્ષાઓ પુર્ણ કરવા તમામ પ્રયત્ન કરવા હાંકલ કરી. ગામમાં કોઇ દિકરી સુકન્યા સમૃદ્ધી યોજનાથી વંચીત ન રહે તે માટે વિનંતી કરી. ગામના સરપંચો ગામમાં રહેતા લોકોને પીએમ સુરક્ષા વિમા યોજનાનો લાભ દરેકને મળે તે અંગે વિનંતી કરી અને આ યોજનાનું મહત્વ સમજાવ્યું. સરપંચો કેન્દ્ર સરકાર અને રાજય સરકારની યોજનાના લાભ ગામના લોકોને અપાવશે તો ગામ સમૃદ્ધ બનશે અને ગામ સારુ બને તેની જવાબદારી સરપંચોની છે.

ગામમાં મેડિકલ કેમ્પ યોજવા વિનંતી કરી. પીએમ સુનિધી યોજના અંગે પણ માહિતી આપી અને વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ લે માટે વિનંતી કરી.ગામના સરપંચનું મહત્વ જણાવતા કહ્યુ કે જો કોઇ ધારાસભ્ય કે સાંસદોને ચૂંટાવવું હોય તો તેમને સરપંચોના આધાર જોઇએ એક એક ગામના સરપંચ મદદ કરે ત્યારે ચૂંટાય છે.

સરપંચ સંવાદ કાર્યક્રમમાં કચ્છના સાંસદ અને પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા,કેબિનેટ મંત્રીશ્રી કિરિટસિંહ રાણા,પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષશ્રી વર્ષાબેન,પુર્વ ઉપાધ્યક્ષ શ્રી આઇ.કે.જાડેજા,જિલ્લાના પ્રભારીશ્રી નિતીન ભાઇ,શ્રી નીમુબેન, પ્રદેશના સહપ્રવકતા શ્રી ભરતભાઇ ડાંગર,ધારાસભ્યશ્રીઓ ઘનજીભાઇ પટેલ,શ્રી પરષોતમ સાબરીયા, જિલ્લાના પ્રમુખશ્રી જગદીશભાઇ મકવાણા ,વિધાનસભાના પ્રભારીશ્રી તેમજ જિલ્લના આગેવાનો અને ગ્રામ પંચાયતોના સરપંચ અને ઉપસરપંચશ્રીઓતાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહાલ એકલવ્ય શાળામા પ્રાયોજના વહિવટદાર શ્રી કે.જે.ભગોરાએ મુલાકાત કરી

### એકલવ્ય શાળામા પુરના કારણે થયેલ નુકસાનની નિરીક્ષણ કર્યું



**સ્થાનિક આગેવાન રાજુભાઇ ગામીત તેમજ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પાણીના ટેક્રર, જનરેટર મોકલાવી શાળાનુ સફાઈકામ કર્યું હતુ.**

આહવાઃ તાઃ ૧૯ : ગત સપ્તાહમા ડાંગ જિલ્લામા ભારે વરસાદને પગલે મહાલ ખાતેની 'એકલવ્ય રેસિડેન્સિયલ મોડેલ સ્કુલ'ના કેમ્પસ અને બિલ્ડીંગમા, પૂરગ્રસ્ત પરિસ્થિતિના કારણે વરસાદી પાણી સાથે કૂડો, કચરો, કાદવ, કિચડ ભરાઈ જવા પામ્યા હતા જે શાળાની પ્રાયોજના વહિવટદાર શ્રી કે.જે.ભગોરાએ મુલાકાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ગત સપ્તાહે ભારે વરસાદના કારણે રાજય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત 'એકલવ્ય રેસિડેન્સીયલ મોડેલ' શાળા વરસાદને લઈને અસરગ્રસ્ત થઇ હતી. શાળાના ગ્રાઉન્ડ ફ્લોરમા પાણી ભરાઈ ગયા હતા. જેમા અનાજ, પુસ્તકો અને જરૂરી ચીજવસ્તુઓનુ મોટા પાયે નુકસાન થયુ હતુ. તેમજ શાળાના કેમ્પસની દીવાલ પણ ધરાશાયી થઈ હતી. પૂરગ્રસ્ત પરિસ્થિતિના કારણે થયેલ નુકસાનીનો તાગ મેળવવા તથા શાળામા જરૂરી સુધારો વધારો કરવા માટે પ્રાયોજના વહિવટદાર શ્રી કે.જે.ભગોરાએ શાળાની જાત મુલાકાત કરી હતી.

ઉલ્લેખનિય છે કે, મહાલની એકલવ્ય સ્કુલ ખાતે ૨૭૪ જેટલા છાત્રો નિવાસની સુવિધા સાથે અભ્યાસ કરી રહ્યા છે. જે તમામ છાત્રોને તેમના વાલીઓ પોતાના ઘરે લઈ ગયા છે.

મુલાકાત પ્રસંગે શ્રી કે.જે.ભગોરાએ જણાવ્યુ હતુ કે, ડાંગ જિલ્લામા પડેલા ભારે વરસાદના કારણે જનજીવનને ભારે નુકસાન થયુ છે. તેની સાથે જ ડાંગ જિલ્લાના સુબિર તાલુકામા મહાલ ખાતે આવેલ ' એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ'મા તા ૧૧ જુલાઈના રોજ પૂર્ણા નદીનો પ્રવાહ શાળામા ઘસી આવ્યો હતો. શાળામા પાણી ભરાઈ ગયુ હતુ. જેના કારણે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રહેતા બાળકોના કપડા તેમજ ગાદલા પલળી ગયા હતા. બાળકો માટેની ભોજન સામગ્રી સંપૂર્ણપણે નાશ પામી હતી. જે બાદ તા ૧૨ ના રોજ સ્થાનિક વહીવટી તંત્ર અને પધધિકારીઓની મદદ લઇ શાળાની સાફસફાઈ કરવામા આવી હતી.

સ્થાનિક આગેવાન રાજુભાઇ ગામીત તેમજ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પાણીના ટેક્રર, જનરેટર મોકલાવી શાળાનુ સફાઈકામ કર્યું હતુ. શાળા સફાઈ બાદ ૧૩ તારીખે ફરીવાર ભારે વરસાદના શાળામા ૭ થી ૮ ફૂટ પાણી ભરાઈ ગયા હતા. તેમજ શાળાની ૭૦% દીવાલ તૂટી જવા પામી હતી. પુસ્તક, શાળાના રેકર્ડ, ગાદલા, અનાજ, ઈલેક્ટ્રિક તમામ નાશ થયો હતો. જે બાદ ફરીવાર કામગીરી શરૂ કરવામા આવી હતી. સ્થાનિક આગેવાન શ્રી રાજુભાઇ ગામીતે જનરેટર આપી વ્યવસ્થા પુરી પાડી હતી. જો શાળાની તમામ કામગીરી સારી રીતે પૂર્ણ થઈ જાય, તો આવતા અઠવાડિયાથી શાળાની કામગીરી શરૂ કરવામા આવશે તેમ શ્રી ભગોરાએ જણાવ્યુ હતુ.

હાલમા શાળાના પટાંગણ તથા બિલ્ડીંગમા ભરાયેલા કૂડા, કચરા, કાદવ, કિચડને સાફ સફાઈની કામગીરી કરવામા આવી રહી છે. શ્રી ભગોરાએ શાળાની પરિસ્થિતિનો તાગ મેળવી, તાત્કાલિક ધોરણે બધી વ્યવસ્થાઓ સ્થાયી થાય તે માટે સૂચના અને માર્ગદર્શન આપ્યુ હતુ.

## અખિલ ગૌશાળા – પાંજરાપોળ યુવા કચ્છ સંઘ દ્વારા મુખ્યમંત્રીશ્રીને ગૌ-માતા પોષણ યોજનાની તાત્કાલીક અમલવારી કરવા માટે વિનંતી કરવામાં આવી









કચ્છ,

અખિલ ગૌશાળા – પાંજરાપોળ યુવા કચ્છ સંઘ દ્વારા ૩-માર્ચ-૨૦૨૨ નાં રોજ ગુજરાત રાજયનાં બજેટમાં મુખ્યમંત્રીશ્રી દ્વારા ગૌમાતાની ભરણ પોષણની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે ૫૦૦ ૧૦૦ = ૬૦૦ કરોડ રૂપિયા ગુજરાત રાજયનાં ચાર લાખ બેતાલીસ હજાર જે પાંજરાપોળ ગૌશાળામાં નિભાવ થતા પશુઓ માટે જાહેરાત થયેલ તે બદલ ગુજરાત રાજયની તમામ પાંજરાપોળ ગૌશાળાઓનાં ટ્રસ્ટીગણ, સાધુ-સંતો, સંઘો વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.તા.૧૮/૦૫/૨૦૨૨નાં રોજ રાજય સરકારની કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની મંજુરી આપવામાં આવી હતી તેવી સરકારશ્રીનાં કેબિનેટ મંત્રીશ્રી અને સરકારશ્રીનાં પ્રવકતા શ્રી જીતુભાઈ વાધાણી સાહેબ દ્વારા ઈલેકટ્રોનીક મીડીયામાં જાહેરાત કરવામાં આવેલ ત્યારબાદ વારંવાર ગુજરાત રાજયની તમામ પાંજરાપોળ-ગૌશાળાઓ દ્વારા લેખિત-મૌખિક રજુઆત કરવા છતા, કેબિનેટની મંજુરી મળેલ છતા આજ સુધી ઠરાવ બહાર પાડવામાં આવેલ નથી ત્યારે ગુજરાત રાજયની પાંજરાપોળ ગૌશાળાઓમાં નિભાવ થતા લાખો પશુધનને નિભાવવાની અતિ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. જે અતિ દુઃખ દાયક ગણી શકાય. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને વિનંતી કરવામાં આવી છે કે તાત્કાલીક ધોરણે ઠરાવ બહાર પાડવામાં આવે અને સરકારશ્રીએ કરેલ જાહેરાત અનુસંધાને એક પશુદિઠ-૩૦ રૂપિયા લેખે ચુકવણી કરવામાં આવે.રજૂઆતમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે સરકારશ્રીના સંવેદનશીલ નિર્ણય ગૌમાતા પોષણ યોજનાનો ઠરાવ શા માટે બહાર પાડવામાં આવતો નથી ગુજરાત સરકારમાં ઘણી વખત અછત કે કોરોના કાળ જેવા અતિ કપરા સમયે પાંજરાપોળ-ગૌશાળાઓને પશુ-સહાય આપવામાં આવેલ ત્યારે કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હોઈ ત્યારબાદ ૮-દિવસ માં ઠરાવ બહાર પાડવામાં આવેલ છે ત્યારે મુખ્ય મંત્રી ગૌમાતા પોષણ યોજનાને કેબિનેટ બેઠકમાં મંજુર કર્યા પછી પણ બે-બે મહિના થવા છતા આજ દિન સુધી નિર્ણય લેવામાં આવેલ નથી ત્યારે કચ્છ જિલ્લાની તમામ પાંજરાપોળ ગૌશાળાઓ ના છુટકે અબોલ નિરાધાર પશુધનના ભરણ પોષણની વિકટ પરિસ્થિતિએ નિસ્વાર્થ ભાવે સેવા કરતા મહાજનો સાધુ સંતો ઉપવાસ આંદોલન કરવા મજબુર થવું પડે એ વ્યાજબી લાગતું નથી છતા તા.૨૧/૦૭/૨૦૨૨ના રોજ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાની શ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ- રાતાતળાવના સ્થાપક વયોવૃધ્ધ શ્રી મનજીભાઈ ખીયશીભાઈ ભાનુશાલી( ઉ.૧-૭૪) કલેકટર કચેરી-ભુજ સામે આમરણાંત ઉપવાસ આંદોલન પર બેસવાના છે ત્યારે કચ્છ જિલ્લાની તમામ પાંજરાપોળ ગૌશાળાઓનું પતિનિધિત્વ કરતી સંસ્થા શ્રી અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘ-ભુજ, અને સંઘ સાથે જોડાયેલ તમામ પાંજરાપોળ ગૌશાળાઓના ટ્રસ્ટીગણ પ્રતિક ઉપવાસ પર બેસવાના છે માટે જીવદયા ક્ષેત્રે સેવાકીય કાર્ય કરતી સંસ્થાઓ ગૌમાતાના ભરણ-પોષણની વિકટ પરિસ્થિતિએ ઉપવાસ ઉપર બેસવું પડે એ અતિ દુઃખ-દાયક ગણી શકાય ત્યારે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ(દાદાશ્રી) ને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે જીવદયાનું સેવાકીય કાર્ય કરતા મહાજનો, સાધુસંતો , ઉપવાસ આદોલન ન કરે માટે ઠરાવ બહાર પાડવામાં આવે અને તાત્કાલીક સહાયનું ચુકવણું કરવામાં આવે તેવી લાખો પશુધન વતી નમ્ર વિનંતી સાથે માંગણી કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK